

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર
શ્રી સ્વામિનારાયણ
ચિંતન
એપ્રિલ - ૨૦૧૧
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-
શ્રીહરિકૃષ્ણ મહારાજનો
૧૫૧મો વાર્ષિક પાટોત્સવ
ગઢડા થી જૂનાગઢ
વિજય પદયાત્રા
જૂનાગઢને આંગણે ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી રાધારમણ આદિક દેવોના દિવ્ય સાંનિધ્યમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવાર તથા
પૂ. સંતો તથા વિશાળ પ્રમાણમાં ભક્તસમુદાયની ઉપસ્થિતિમાં દ્વિતીય ચરણ 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ૭૩૦ કરોડ મંત્રલેખન કાર્યનો શુભારંભ...






મહુવા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત યોજાયેલ
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૩ થી ૧૯-૩-૨૦૧૧)






રાજકોટ શહેરને આંગણે ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે
યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા-પારાયણ' પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૫ થી ૩૧-૩-૨૦૧૧)

## થાણા (મુંબઈ)ને આંગણે મુંબઈપરાવિસ્તારના ધર્મકુળ આશ્રિત ભાવિકભક્તોએ ઉજવ્યો

# પ.પૂ. લાલજી મહારાજશ્રીનો '૩૮મો જન્મોત્સવ' (તા.૩-૪-૨૦૧૧)






























ભુપગઢ ગામને આંગણે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવારની પવિત્ર નિશ્રામાં પ.ભ. શ્રી નરસિંહભાઈ લાખાભાઈ રાઠોડના યજમાનપદે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૪ થી ૧૦-૪-૨૦૧૧)






બોટાદ શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૪-૪-૨૦૧૧ થી ૧૦-૪-૨૦૧૧)



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::


# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૬, અંક :- ૧૦, તા. ૨૦-૦૪-૧૧

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી :** સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::



'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com




**સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯ (નવમી)ના પરમ પવિત્ર દિવસે પ્રાગટ્ય પામેલા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૩૦મા પ્રાગટ્યોત્સવે શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન..**

જેમણે આ દુઃખમય લોકમાં પણ પ્રગટ થઈને આપણને સ્વસ્વરૂપની ઓળખાણ કરાવી, અદ્‌ભૂત મંદિરોની તથા સત્શાસ્ત્રોની રચના કરાવીને તથા પોતાના ધર્મકુળને વિષે આચાર્યપદની અજોડ અને અતૂટ ગુરુપરંપરા સ્થાપી તથા અષ્ટપ્રકારે સ્ત્રી-ધનના ત્યાગી સંતસમાજની ભેટ આપી શિક્ષાપત્રીરૂપી સાંકળથી દરેકને એકબીજા સાથે અલૌકિક સંબંધથી જોડીને અક્ષરધામનો રસ્તો ખુલ્લો કર્યો એવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૩૦મા જન્મોત્સવ પ્રસંગે તેમના ચરણોમાં આપણા હૃદયને પ્રેમાળ બનાવવાની પ્રાર્થના સહ ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

## :: અનુક્રમણિકા ::


૧ સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ... ૦૬
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ યૌવનને ભયંકર વન નહિ... પણ મોક્ષનું શ્રેષ્ઠ સુખકર ધન બનાવો ૨૫
- પાર્ષદ સર્વમંગલ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી

૩ સત્સંગ સમાચાર પત્રિકા... ૨૯
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

૪ આઠમી શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા..... 33
- સંકલિત

૩ આગામી કથાપારાયણો તથા મહોત્સવો... ૩૪
- સંકલિત




લેખાંક:૧

**સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ;**
**સર્વના નિયંતા નાથજી રે, સર્વેના કરિયા કામ.**

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'સહજાનંદ સ્વામી ભગવાન છે' એવું માનીને તો લાખો આશ્રિતો શ્રીજી સમકાલિન તેમનું ભજન કરતા હતા, અને આજે પણ સૌ અનુયાયીઓ ભજન કરે છે; પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમેશ્વરપણા વિષે તે વખતેય વિવિધ સમજણો હતી અને આજે પણ આછી આછી એવી સમજણમાં વિવિધતા જોવા મળે છે. તેનું કારણ પણ આદિપુરાણકાળથી આરંભીને અઢારમી સદી સુધીના અનેક ઋષિમુનિઓ, આચાર્યો, ભક્તકવિઓ દ્વારા હિન્દુધર્મના અધ્યાત્મ શાસ્ત્રોમાં ઉપાસ્યરૂપ અવતારોમાં નિરૂપણ કરાયેલ તેમના સ્વરૂપની વિવિધતા જ હતી.

આજ સુધીના ભક્તિમાર્ગના પ્રચારકોએ પરમાત્માના અનેકવિધ અવતારોના ભેદ-પ્રભેદોનું પ્રતિપાદન તેમના શાસ્ત્રોમાં કરેલ છે. જેમ કે મધ્વાચાર્ય તમામ અવતારોને સમાન માનતા હતા, જ્યારે રામાનુજાચાર્યજી પૂર્ણાવતારમાં રામ, કૃષ્ણ નૃસિંહ વગેરે અવતારોને ગણાવી ભેદ-પ્રભેદ કરતા હોવા છતાં એક જ ઉપાસ્યને સર્વોપરી કહેવાની કૃપા ન કરતા ગયા. નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય તથા ગૌરાંગ મહાપ્રભુ ચૈતન્ય - ભગવાન શ્રીકૃષ્ણને સર્વોપરી સમજવા હોવા છતાં અન્ય અવતારો પણ ભગવાન શ્રીકૃષ્ણે જ ધર્યા હતા તેમ કહેતા હતા.

આવી રીતની વિધવિધ પ્રકારની સમજણો ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય પૂર્વે હતી અને પછી પણ રહી છે. જ્યારે ભગવાન શ્રીહરિએ પોતાનો પ્રબળ પ્રતાપ ભૂમંડળ પર વિસ્તારવા માંડ્યો ત્યારે જ તમામ વિવિધ સંપ્રદાયોના આશ્રિતો હતા તે પોતાના પૂર્વગ્રહો અને પૂર્વની સમજણનો ત્યાગ કરીને શ્રીજીમહારાજને જ પોતાના ઈષ્ટદેવ તરીકે સ્વીકારવા લાગ્યા. તેમાં કોઈક તો ભગવાન શ્રીહરિને બુદ્ધ જેવા, કોઈક તો દત્ત-કપિલજી જેવા, તો કોઈક રામકૃષ્ણ જેવા કહેતા તો કોઈક તો તમામ અવતારોથી ભિન્ન તથા સર્વે અવતારોથી પર સમજતા હતા.

આ તમામ સમજણોમાંથી કઈ રીતની સમજણથી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી જાણ્યા કહેવાય તે બાબતમાં આપણે વિચારીશું...

એકડા વિનાના ગમે તેટલા મીંડા હોય, તોપણ તેની કોઈ કિંમત નથી, તેમ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને જાણ્યા-પામ્યા વગર સર્વે સાધનોનો  કોઈ અર્થ જ નથી. ફક્ત સાધનોથી જીવની આત્યંતિક મુક્તિ થતી નથી, માટે આત્યંતિક મુક્તિ માટેની સંપૂર્ણ સાધનામાં 'પરબ્રહ્મ'ને તત્ત્વે સહિત જાણવા અત્યંત આવશ્યક છે.

પરબ્રહ્મનું સ્વરૂપ જેમ છે તેમ યથાર્થ સમજવાથી તેમનો આશરો કરવાથી, તેમની દૃઢ ઉપાસના-ભક્તિ-સેવા કરવાથી, તેમનામાં અખંડવૃત્તિ અને દિવ્યભાવ રાખવાથી સાધકને અધ્યાત્મ સાધનામાં કલ્પનાતિત ગતિ પ્રાપ્ત થાય છે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં જુદા જુદા શબ્દોમાં વારંવાર આજ વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે, ભગવાનના સ્વરૂપના જ્ઞાન વગર, યથાર્થ નિશ્ચયની દૃઢતા વગર, તેમના સ્વરૂપની શરણાગતિ-ભક્તિ-ઉપાસના અને નિષ્ઠા વગર કોઈપણ સાધનોથી જીવની વૃત્તિ માયિક વિષયોમાંથી પાછી વળી શકે તેમ નથી, વાસનાની નિવૃત્તિ થઈ શકે તેમ નથી, જીવ માયા પર થઈ શકે તેમ નથી, એટલે કે ટૂંકમાં જીવનું આત્યંતિક કલ્યાણ થઈ શકે તેમ જ નથી.

**ગ. પ્ર. ૫૬**માં વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે :- "...કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપને પામે છે તથા પરમપદને પામે છે, એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી."

**ગ. પ્ર. ૫૭** :- "...ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે..."



"એકડા વિનાના ગમે તેટલા મીંડા હોય, તોપણ તેની કોઈ કિંમત નથી, તેમ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને જાણ્યા-પામ્યા વગર સર્વે સાધનોનો કોઈ અર્થ જ નથી. ફક્ત સાધનોથી જીવની આત્યંતિક મુક્તિ થતી નથી, માટે આત્યંતિક મુક્તિ માટેની સંપૂર્ણ સાધનામાં 'પરબ્રહ્મ'ને તત્ત્વે સહિત જાણવા અત્યંત આવશ્યક છે."

**પં. ૭ :-** "...એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ..."

"...અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેખા-નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય, તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે..."

**મ. ૯ :-** "...જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ..."

"...અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય..."

**મ. ૧૩ :-** "...અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે..."

"...એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચવિષયમાં કયાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે...."

"...ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ, માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો..."

"...માટે આ વાર્તા છે તે સર્વે દૃઢ કરીને રાખજ્યો અને 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજ્યો..."

"...અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા..."

"...અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે..."

**મ. ૧૪ :-** "...જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય ને કામ, ક્રોધ, લોભાદિને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય તોપણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જશે..."

**વર. ૧૨ :-** "...અને જેને નિશ્ચયનું અંગ દુર્બળ હોય ને તે સત્સંગમાં હોય તો પણ તેને એવા ઘાટ થાય જે, 'શું જાણીએ મારું તે કલ્યાણ થશે કે નહિ થાય અને હું જ્યારે મરીશ ત્યારે દેવતા થઈશ, કે રાજા થઈશ, કે ભૂત થઈશ ?'..."

"...અને જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે, 'મને તો ભગવાન મળ્યા તે દિવસથી મારું કલ્યાણ થઈ ચૂક્યું છે અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપથકી મુકાઈને પરમપદને પામશે.'..."

**અં. ૩૯ :-** "...હું તો એમ જાણું છું જે, ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે



"...અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે..."

(વચ. ગ. મ. પ્ર. ૧૩)

વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને[૨] દેખવું તે તો થાય જ નહિ ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય પણ તે વિના તો દેખાય જ નહિ...''

"...જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ, તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય.[૩] અને નિર્બીજ એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી. માટે એ વાર્તા ખોટી છે....''

આ રીતે શ્રીજીમહારાજે વચનામૃતમાં અનેક જગ્યાએ વારંવાર ઉપાસના બાબતને દઢ કરવા માટે ખૂબ ભાર આપ્યો છે.

હવે જોઈએ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં ઉપાસના બાબતે શું કહે છે ?

"...ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં; બાકી કાંઈ કરવું રહ્યું નથી...'' (સ્વામીની વાતો : ૧/૧૨૪)

"...**નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે;** ને એ જ રહેવાનું. તે જેમ ચિંતામણિ રહી ને બીજું ધન સર્વે ગયું પણ કાંઈ ગયું નથી; ને ચિંતામણિ ગઈ ને બીજું સર્વે ધન રહ્યું પણ કાંઈ રહ્યું નથી. તેમજ **નિશ્ચય રહ્યો તો સર્વે** રહ્યું, ને અંતે એ જ રહેવાનું છે...''

(સ્વામીની વાતો : ૧/૨૦૪)

"...અને સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે એ તો વરને ઠેકાણે છે ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે...'' (સ્વામીની વાતો : ૧/૨૯૮)

"...**નિશ્ચય છે. એ જ આત્યંતિક કલ્યાણ છે; ને નિશ્ચય છે** એ જ સિદ્ધ દશા છે...'' (સ્વામીની વાતો : ૧/૩૦૯)

"...જેટલો જીવને ભગવાનનો નિશ્ચય ને સંબંધ થાય છે તેવું જીવનું કલ્યાણ થાય છે....'' (સ્વામીની વાતો : ૧/૧૨૪)

"...ઉપાસના હોય ને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય હોય તો બધાં આવે...'' (સ્વામીની વાતો : ૫/૨૯૪)

'વચનામૃત તથા સ્વામીની વાતો'ના ઉપરોક્ત સંદર્ભો વાંચવા-વિચારવા-સમજવાથી શ્રીજી મહારાજના કહેવાનું તાત્પર્ય સમજી શકાય તેમ છે. આત્યંતિક કલ્યાણના આ પરમ પુરુષાર્થની સાધનામાં પરબ્રહ્મ તત્ત્વ જાણવું અને સમજવું કેટલું મહત્ત્વનું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે.

અધ્યાત્મ સાધનામાં આ જીવાત્માને ઘણું બધું સમજ્યાનું અને કરવાનું હોય છે. તે વિષે અનેક શાસ્ત્રોમાં અનેક પ્રકારની વાતો આવે છે. પરંતુ જો આ પરબ્રહ્મ તત્ત્વ ન સમ થાય, તેમના સ્વરૂપને વિષે દિવ્યભાવ અને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય ન થાય અને તેમના સ્વરૂપની યથાર્થ ઉપાસના દઢ ન થાય તો બીજું જે કાંઈ કર્યું કે સમજાયું તેનાથી આત્યંતિકી મુક્તિ થતી નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે જ દિવ્ય વચનોથી આ વાતને સમજાવતા ગઢડા પ્રથમ પ્રકરણના ૬૩માં વચનામૃતમાં કહે છે : "તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી એને કાંઈ જાણવું રહેતું નથી.''

આમ, આત્યંતિક મુક્તિ માટેની અધ્યાત્મ સાધનામાં પરબ્રહ્મના સ્વરૂપને જાણવું, સમજવું અને પામવું એ કોઈપણ સાધક માટે કેવળ આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે.



"...**નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે;** ને એ જ રહેવાનું. તે જેમ ચિંતામણિ રહી ને બીજું ધન સર્વે ગયું પણ કાંઈ ગયું નથી; ને ચિંતામણિ ગઈ ને બીજું સર્વે ધન રહ્યું પણ કાંઈ રહ્યું નથી. તેમજ **નિશ્ચય રહ્યો તો સર્વે** રહ્યું, ને અંતે એ જ રહેવાનું છે..."

(સ્વામીની વાતો : ૧/૨૦૪)

શ્રીજીમહારાજ સા. ૧૩માં વચનામૃતમાં કહે છે : "...જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે...", "...જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે..."

આમ, ભગવાન શ્રીહરિના મતે ભગવાનના સ્વરૂપને જામવા અને સમજવા માટે સત્શાસ્ત્રોનો આધાર અત્યંત આવશ્યક છે, તેથી જ વચ. ગ. પ્ર. ૫૨ અને વરતાલના ૨જા વચનામૃતમાં સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર એમ ચારેય શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને યથાર્થપણે સમજવાનું કહ્યું છે. તેથી સર્વે સત્શાસ્ત્રોના સર્વે શબ્દોના સમન્વય કરીએ તો જ ભગવાનનું યથાર્થ સ્વરૂપ સમજાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વે શાસ્ત્રોના સાર-સિદ્ધાંત-રહસ્યમય જે ઉપદેશ આપ્યો છે તે આપણને વચનામૃતરૂપે પ્રાપ્ત થયેલ છે. સર્વે શાસ્ત્રોના સાર ઉપરાંત શ્રીજીમહારાજે પોતાના સર્વોપરી સ્વરૂપની જે વાતો કરી છે એ પણ જો પરાદૃષ્ટિ હોય તો આપણને વચનામૃતમાંથી જ મળી શકે તેમ છે.

ભગવાન શ્રીહરિની પરાવાણી રૂપ વચનામૃત ઉપરાંત શ્રીજીમહારાજના લીલાચરિત્રોના ગ્રંથો પણ ભગવાન શ્રીહરિને યથાર્થપણે ઓળખવા માટે અતિશય સહાયરૂપ થઈ શકે તેમ છે.

તે ઉપરાંત જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય તેવા સંતો-ભક્તોના સમાગમે કરીને પણ ભગવાનનું સ્વરૂપ સમજાય છે.

તેથી **ગ. પ્ર. ૭**માં વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે :- "...શાસ્ત્રમાં જયાં જયાં અધ્યાત્મવાર્તા[1] આવે છે તે કોઈને[2] સમજાતી નથી અને ભ્રમી જવાય છે..."

**ગ. પ્ર. ૬૪ :-** "...જેને એ ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા થઈ હોય તે થકી જ પમાય છે પણ બીજા થકી તો પમાતી જ નથી..."

**ગ. પ્ર. ૬૬ :-** "...શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભકત વિના બીજાને સમજાતા નથી..."

**લો. ૧૨ :-** "...ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય, નહિ તો જન્માન્તરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચયને પામે..."



"...તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય..."

(વચ. ગ. મ. પ્ર. ૯)

**મ. ૧૦ :-** "...પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે..."

**મ. ૧૩ :-** "...આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી..."

**વર. ૧૨ :-** "...માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખથકી ગીતા ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી..."

વચનામૃતના આ બધા અમૃતપુષ્પો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે સમજાવવા માંગે છે કે, કેવળ શાસ્ત્ર પણ ભગવાનનું સ્વરૂપ સાચી રીતે સમજાવી શકે તેમ નથી. સત્શાસ્ત્રને સમજાવનારાં એકાંતિક સંત અથવા ભક્ત મળે તો જ ભગવાનનું સ્વરૂપ જેમ છે તેમ સમજાય.

*'યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ।'* - જ્યાં ગયા પછી પાછું ફરવાનું જ નથી, એવા અક્ષરધામની પ્રાપ્તિરૂપ આત્યંતિક કલ્યાણ માટે અક્ષરાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ એટલેક ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી અને સર્વાવતારી સમજવા, એ એક અનિવાર્ય સિદ્ધાંત છે.

**ગ. મ. પ્ર. ૯**માં વચનામૃત પ્રમાણે જોઈએ તો "...સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે..." તથા "...તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય..."

હવે વિચાર કરીએ કે, જે ભગવાનનું ભજન કરીને જેમના ધામમાં જવાનું છે, તેમને સર્વોપરી ન સમજીને બીજા અવતાર જેવા જાણવારૂપ દ્રોહ કરે તે તો તેમના ધામમાં પહોંચી જ કેમ શકે ?

આત્યંતિક મુક્તિના માર્ગમાં કામાદિક દોષો બેશક વિઘ્નરૂપ

છે જ પરંતુ આ કસર ટાળવા માટે ભગવાનના સ્વરૂપને જેમ છે તેમ, જેવું છે તેવું યથાર્થ સમજ્યા વિના ગમે તેવા સાધનોથી આ વાંધો ભાંગે તેમ નથી. આ વાત જણાવતાં શ્રીજીમહારાજ ગ.મ. ૧૩માં વચનામૃતમાં કહે છે : ''...જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસકિત નથી તેમ તે પુરૂષને પણ કયાંઈ આસકિત રહે જ નહિ. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે....''

અહીં ભગવાનના સ્વરૂપના જ્ઞાનમાં એટલું જ સમજવાનું છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ જ 'એકમેવ' સર્વાવતારના અવતારી સર્વોપરી ભગવાન છે.

અને અંતે આ જ વચનામૃતમાં આત્યંતિક મુક્તિનો મુદ્દો જણાવતાં કહે છે :- ''...એ અક્ષરાતીત જે પુરૂષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરૂષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરૂષોત્તમને વિષે લીન થાય છે...'' તથા ''...જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજ્યો...''



"...એ અક્ષરાતીત જે પુરૂષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરૂષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરૂષોત્તમને વિષે લીન થાય છે...'' તથા ''...જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજ્યો..."

(વચ. ગ. મ. પ્ર. ૧૩)

શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા વિના બધું જ એકડાં વિનાના મીંડા જેવું છે. તે સમજાવતા પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી પણ કહે છે :- ''ભગવાનનો નિશ્ચય પરિપક્વ હોય તો જે જે ગુણ કથાનો વાર્તાનો એ આદિક હોય તે શોભે.''

અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પણ એમની વાતોમાં કહે છે : ''અને ચોખ્ખી ઉપાસના કરવી પણ તેમાં લોચો ન રાખવો ને જે ઉપાસનામાં ભેદ પડે છે તે પક્ષપાતે કરીને પડે છે. કેમજે પોતાનો પક્ષ રાખ્યા સારુ પોતાના જે સેવક હોય તેને કહે જે ''લક્ષ્મીનારાયણ છે તથા નરનારાયણ છે તેજ મહારાજ છે' એમ સમજાવે ને પોતે તો જેમ સમજતા હોય તેમ સમજે માટે આપણે તો કોઈ અવતાર વિષે મોટપ ન સમજવી ને મહારાજ સર્વે અવતારના અવતારી પોતે એકજ છે અને અવતાર માત્રના ધરતલ છે ને બીજા સર્વે અવતાર છે તે તો તેમના ભક્ત છે એમ સમજવું ને બીજાને પણ એમ સમજાવવું''

(ગો. સ્વામીની વાતો : ૨/૬)

આટલી વાત કર્યા પછી સ્વામી આગળ કહે છે :-

''એકવાર અમને મહારાજના ને શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થયાં ત્યારે શ્રીકૃષ્ણ, મહારાજની સેવામાં દેખાણા. ને રામચંદ્રજીના તથા મહારાજના દર્શન થયા ત્યારે પણ રામચંદ્રજી, મહારાજની સેવામાં દેખાણાને નરનારાયણના તથા મહારાજના દર્શન થયાં ત્યારે પણ નરનારાયણ મહારાજની સેવામાં દેખાણા. ને મહારાજે વ્યાપકાનંદ સ્વામીને પણ પોતાના સ્વરૂપને વિષે ચોવીસ અવતાર લીન કરી દેખાડ્યા ને પર્વતભાઈને પણ ચોવીસ અવતારના મહારાજની મૂર્તિમાંથી દર્શન થયેલ અને વળી એકને સમાધિ થઈ ત્યારે તેમણે એમ કહ્યું જે, 'હું બ્રહ્મમહોલને દરવાજે ગયો ત્યારે માંહીથી મહારાજે કહ્યું જે, નરનારાયણને કહીએ જે એને માંહી આવવા દીઓ' તથા એક વખત વિજ્ઞાનદાસજી અમારે દર્શને આવ્યા હતા. પછી તેણે કહ્યું જે 'મારે નરનારાયણના દર્શન કરવા જાવું છે' ત્યારે અમે તેને કહ્યું જે સમાધિ કરીને મહારાજ પાસે જ જાઓ ત્યારે તે સમાધિ કરીને અક્ષરધામમાં ગયા. તે સમે ત્યાં નરનારાયણ તો મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. પછી તેને મહારાજે આજ્ઞા કરી જે 'તમે બદરિકાશ્રમમાં જાઓ.' ત્યારે નરનારાયણ ત્યાંથી ચાલી નિસર્યા તે પોતાને સ્થાનકે ગયા. એવા એવા હજારું વાર ચમત્કાર મહારાજે જણાવ્યા છે ને હમણાં પણ જણાવે છે. તેથી બીજા અવતાર જેવા આપણે મહારાજને કેમ સમજીએ ? માટે આપણે તો એમ ચોખ્ખી ઉપાસના સમજવી જે બીજા અવતાર તથા અક્ષરના મુક્ત તથા અક્ષર અને પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વેના અવતારી શ્રીજી મહારાજ છે ને એ સર્વે અવતાર તો મહારાજના ભક્ત જ છે એમ સમજવું ને એ સર્વેને નિયમમાં રાખનારા પોતે એક જ છે પણ એ વિના બીજો કોઈ નથી. એ મોટા સંતનો સિદ્ધાંત છે.''

(ગો. સ્વામીની વાતો : ૨/૭)

અને ત્યાર પછીની વાતમાં પણ અવતાર અવતારીનો ભેદ બતાવતાં કહે છે : ''ભગવાનને કળવા. તે કેમ કળવા ? તો

મહારાજનો ચમત્કાર જોવો ને શ્રીકૃષ્ણની સામર્થી જોવી ને રામચંદ્રજીની સામર્થી જોવી ને ઋષભદેવની સામર્થી જોવી ને કપિલ તથા દત્તાત્રેયની સામર્થી જોવી ને પછી પૂર્વાપર વિચારીને જુએ ત્યારે બીજા અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનની સામર્થીમાં બહુ ફેર છે. તે જ્યારે તપાસીને જુએ ત્યારે ખબર પડે. કેમજે શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે બીજા અવતારને પૃથક પૃથક દેખાડ્યા. તે જોતાં એમ જણાય છે જે બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે ને મહારાજ ને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ તો મહારાજે પોતાને વિષે ચોવીશેય અવતારને પૃથક પૃથક દેખાડ્યા ત્યારે શ્રીકૃષ્ણના અવતારી શ્રીજી મહારાજ છે એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને સર્વે અવતારના અવતારી શ્રીજી મહારાજ છે એમ જે જાણવું તેને કળવું કહીએ, ને એવા જે મહારાજ તેના જે એકાંતિક મોટા સાધુ હોય તેને ઓળખવાને તે સાથે હેત કરવું તેને કહેવું કહીએ અને એવા જે મોટા સાધુ તેની અનુવૃત્તિ રાખવી તથા એમની સેવા કરવી ને ભગવાનની આજ્ઞામાં ફેર ન પાડવો ને માથા સાટે સત્સંગનો પક્ષ રાખવો. એ આદિક જે જે એકાંતિક સાધુ કહે તેમ કરવું તેને કરવું કહીએ.'' (ગો. સ્વામીની વાતો : ૨/૮)

પછી સ્વામી બીજા પ્રકરણની ૪૩મી વાતમાં પુરુષોત્તમ ભગવાનને ઓળખવાની રીત બતાવતાં કહે છે : ''તો મહાપુરુષાદિક અવતાર ધરીને આવ્યા હોય ત્યારે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ અધિક ન દેખાડે કેમજે જેટલું પોતાનું હોય તેટલું દેખાડી શકે પણ વધુ ક્યાંથી દેખાડે ? ને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે તે અક્ષરધામ તથા અનંતકોટિ બીજાં ધામ તથા અનંત પોતાનાં ઐશ્વર્ય તે સર્વે જેને જેને પોતાની મૂર્તિનો સંબંધ થયો હોય એવા જે સત્સંગી તથા કુસંગી તે સર્વેને દેખાડે છે પણ પાત્ર કુપાત્ર કાંઈ ગણે નહિ.''

(ગો. સ્વામીની વાતો : ૨/૪૩)

મહદ્ અંશે જેને સ્વરૂપ મળ્યું હોય તેને જ સર્વોપરી તત્ત્વ માનીને ભક્તિ-ઉપાસના થતી હોય છે. જો વસ્તુતઃ તે સ્વરૂપ સર્વોપરી ન જ હોય, તો તેને સર્વોપરી તત્ત્વ કે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ માનવાથી તેને સર્વોપરી પ્રાપ્તિ થતી નથી. જેમ ૫ રૂપિયાની નોટને ૧૦૦ રૂા.ની નોટ માનીને બજારમાં જાય ને દુકાનમાં વેપારીને ૫ રૂા.ની નોટ આપીને કહે કે મને ૧૦૦ રૂા.ની ખાંડ આપો, તો તે દુકાનદાર વેપારી તે વ્યક્તિને ગાંડો માનીને ૫ રૂા.ની નોટ પાછી આપી દે છે. અથવા ૫ રૂા. બરાબર થોડી ખાંડ આપી ત્યાંથી ચાલતો કરશે. તો કેવળ માનવા માત્રથી તેને ૧૦૦ રૂા.ની નોટની કિંમત જેટલી વસ્તુ મળતી નથી, કોઈપણ વ્યક્તિને જે માનવું હોય તે માનવા માટે સ્વતંત્ર છે. પરંતુ પોતે જે નોટ લઈને બજારમાં વટાવવા નીકળ્યો છે તે નોટ ૧૦૦ રૂા.ની છે કે ૫ રૂા.ની તેની ખાસ ચકાસણી કરી લેવી જોઈએ. કારણ કે જેની જે કિંમત હોય તે પ્રમામે જ પ્રાપ્તિ થાય છે. તેમ જે કોઈ દેવ, દેવી કે ભગવાનના જે કોઈ અવતારને સર્વોપરી તત્ત્વ માની શકાય છે, પરંતુ વસ્તુતઃ તો જેની જેટલી સામર્થી અને સ્થિતિ હોય તે પ્રમાણે જ પોતાના આશ્રિત ભક્તને સ્થિતિ અને પ્રાપ્તિ કરાવી શકે છે. જે વાસ્તવિકપણે જ સર્વોપરી-સર્વાવતારી-સર્વકારણના કારણ અને અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ હોય, તે જ પોતાના આશ્રિતને સર્વોપરી સ્થિતિ કરાવીને અક્ષરધામને પમાડી શકે છે.

આ વાતની સ્પષ્ટતા કરતા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી બીજા પ્રકરણની ૪૨મી વાતમાં કહે છે : ''જેમ ઈંદ્રનો અવતાર પૃથ્વીને વિષે થયો હોય તેને પુરુષોત્તમ જાણીને જો ઉપાસના કરી હોય તો એ બહુ મોટો થાય તો દેવતા જેવો થાય અને બ્રહ્માનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ બહુ મોટો થાય તો ઈંદ્ર જેવો થાય અને વૈરાજનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ એનો ભક્ત બહુ મોટો થાય તો બ્રહ્મા જેવો થાય અને મહાવિષ્ણુનો અવતાર થયો હોય ને તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ તેનો ભક્ત બહુ મોટો થાય તો



“ જે વાસ્તવિકપણે જ સર્વોપરી-સર્વાવતારી-સર્વકારણના કારણ અને અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ હોય, તે જ પોતાના આશ્રિતને સર્વોપરી સ્થિતિ કરાવીને અક્ષરધામને પમાડી શકે છે. ”

વૈરાજ જેવો થાય પણ એથી મોટો ન થાય અને મહાપુરુષનો અવતાર થયો હોય તેને પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તોપણ તેનો ભક્ત બહુ મોટો થાય તો મહાવિષ્ણુ જેવો થાય અને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે તે પુરુષોત્તમનો આશ્રયમાત્ર કર્યો હોય ને તેને વિષયને વિષે રાગ હોય તે મરે ત્યારે મહાપુરુષ જેવો તો તે પણ થાય ને એ પુરુષોત્તમના જે ખરેખરા ભક્ત હોય તે દેહનો ત્યાગ કરીને અર્ચિમાર્ગે કરીને અક્ષરધામને પામે છે ને અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને અખંડ ભગવાનની સેવામાં રહે છે.'' (ગો. સ્વામીની વાતો : ૨/૪૨)

તેમજ ૫૦મી વાતમાં સ્વામી કહે છે : ''...એવી રીતે મહારાજની સામર્થી જોઈને વિચારીએ તો એ પૂર્વના અવતાર કરતાં લાખગણું હેત મહારાજને વિષે કર્યું જોઈએ, તથા પોતાના દર્શનમાત્રે કરીને હજારું ને લાખું સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ ને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યા. તે તો જેમ ચિંતામણિ હોય તેને વિષે જે ચિંતવે તે મળે તેમ મહારાજનો જેને સંબંધ થયો તથા સંતનો તથા સત્સંગીનો સંબંધ થયો તે સર્વેનું કલ્યાણ મહારાજે કર્યું તે એવું સમર્થપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય...'' (ગો. સ્વામીની વાતો : ૨/૫૦)

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિ થયા પછી તેમનું ભજન કર્યા પછી પમ અક્ષરધામમાં મુક્તના ભેદ કેમ રહે છે તેનું કારણ પણ પુરુષોત્તમનારાયણ શ્રી સ્વામિનારાયણને જાણવામાં ફેર છે તે જ જણાવતાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પોતાની વાતમાં કહ્યું છે : ''જેને જેવા જ્ઞાનવાળો વક્તા મળે છે તે તેવા જ્ઞાનને પામે છે અને જેને ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળ્યો અને તે થકી જે જ્ઞાનને પામ્યા હોય તેને આવી રીતે જે પુરુષોત્તમ ભગવાનના સ્વરુપને યથાર્થ જાણ્યામાં ફેર રહે છે તેનું કારણ એ છે જે તેના પૂર્વ જન્મનાં બીજબળમાં ઉત્તમ, મધ્યમ, કે કનિષ્ઠ એવો ભેદ છે, માટે જે મંદ બીજવાળો હોય તે બીજા અવતારને પુરુષોત્તમ જાણે ને મધ્યમ બીજબળ હોય તે અવતાર અવતારીને જાણે તો ખરો પણ યથાર્થ જેમ છે તેમ ન જણાય. કિંચિત ફેર રહે ને ઉત્તમ બીજબળ જેને હોય તેતો ઉત્કૃષ્ટ વક્તાને પામીને જેવા પુરુષોત્તમ છે તેવા જાણે માટે ઉત્કૃષ્ટ જ્ઞાન જેને હોય એવા જે મોટા એકાંતિક સાધુ તેનો જેને સંગ છે તેને જે ફેર રહે છે તેને બીજબળમાં ફેર છે એમ જાણવું.''

(ગો. સ્વામીની વાતો : ૩/૨)

પૂર્વે મોટા મોટા સંપ્રદાયોના આચાર્યો થઈ ગયા તેમને પણ ઉપાસ્યસ્વરૂપની ન્યૂનતાને કારણે તેમનામાં પણ ન્યૂનતા રહી ગઈ છે તે જણાવતા ગો. સ્વામી કહે છે : ''પૂર્વે જે જે મોટા આચાર્ય થયા છે તેને જ્ઞાન શાસ્ત્રમાં પ્રાકૃત પ્રલય સુધી જણાય છે, પણ તેથી અધિક નથી જણાતું તથા તેઓ મહાપુરુષને જ પુરુષોત્તમ જાણે છે''

''...એ પુરુષોત્તમ ભગવાન તે દયા કરીને આપણા કલ્યાણને અર્થે આંહી પધાર્યા છે તેને સર્વ અવતારના અવતારી જાણીને પછી એ પુરુષોત્તમના સ્વરૂપને એમ સમજવું જે, જ્યાં પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ છે ત્યાંજ અક્ષરધામનું મધ્ય છે એમ જાણવું તે માટે પૂર્વે કહ્યું તેમ સર્વેનો નિષેધ કરીને પછી એમ જાણવું જે, અક્ષરને વિષે જે પુરષોત્તમ છે તે જ આ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિજી મહારાજ છે અને અક્ષર સોતા જ આંહી પ્રગટ બિરાજે છે, આવી રીતનું જે જ્ઞાન તેને આત્યંતિક જ્ઞાન કહીએ અને આવો જે જ્ઞાની તેનું ઐશ્વર્ય ભગવાનની પેઠે સ્વતંત્ર હોય ને એવા જ્ઞાની તો બહુ દુર્લભ છે...'' (ગો. સ્વામીની વાતો : ૩/૯)

સ.ગુ. શ્રી વિધાત્રાનંદ સ્વામી પોતાના 'શ્રી પુરુષોત્તમ નિરૂપણ' નામના ગ્રંથમાં નોંધે છે : ''(અમદાવાદમાં) શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, 'આ ભરતખંડના રાજા શ્રી નરનારાયણ છે, તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા આપણે કરી ને જે સાક્ષાત્ મૂર્તિમાન શ્રી નરનારાયણ જે બદરિકાશ્રમવાસી છે તથા શ્રી લક્ષ્મીનારાયણ આદિક સર્વ તે પ્રગટ પુરુષોત્તમ દ્વિભુજ મૂર્તિ એવા જે આ (શ્રી સ્વામિનારાયણ) ભગવાન તેમની ઉપાસના કરે છે.' એમ શ્રીજીમહારાજે મર્મે કરીને પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી, તેને જે એકાંતિક જ્ઞાનવાન ભક્ત હોય તે સમજે છે.''

(શ્રી પુરુષોત્તમ નિરૂપણમ્ : વા-૫)

''...અને ભૂજનો એક જમાદાર સત્સંગી હતો, તેની વાત મહારજે કરી જે, આ જમાદાર સર્વ (પીગાંબર) પૈગંબર અમારી સ્તુતિ કરે છે એવા અમને અક્ષરધામને વિષે અખંડ દેખે છે. અને જ્યાં જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે, પણ સર્વે ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે, ને પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને (પણ) ભગવાન ન કહેવાય. તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દને સાંભળીને મતિ ભ્રમવા દેવી નહિ. ને પુરુષોત્તમ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી (આ) પ્રત્યક્ષ હરિકૃષ્ણ છે અને મહાપુરુષાદિક અનંતકોટિ જે મુક્તો તે અક્ષર થકી પર એવા જે શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યક્ષ પુરુષોત્તમ તેની ઉપાસના કરે છે, એ વાતમાં કિંચિત્માત્ર પણ સંશય નથી...''

(શ્રી પુરુષોત્તમ નિરૂપણમ્ : વા-૧૧)

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી પોતાના 'શ્રી પુરુષોત્તમ માહાત્મ્ય'નામના ગ્રંથમાં નોંધે છે : ''પછે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ (પ્રગટ) પુરુષોત્તમ (અમે) તો આ બ્રહ્માંડમાં ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહિ, માટે આ તો સર્વોપરી મૂર્તિ છે. માટે આ જે નિશ્ચય ને ફરવા દેવો નહિ.' એમ શ્રીજીમહારાજે કહ્યું.''

''...પછે શ્રીજીમહારાજે નાગકડાને વિષે પરમહંસ આગલ્ય (આગળ) વાર્તા કરી જે, 'પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થૈ ગયા ને

આગલ્ય બીજા થાશે ને બીજા ધામને વિષે મૂર્તિયો છે તે સર્વેનું કારણ ને સર્વે થકી પર પ્રગટ શ્રી પુરુષોત્તમનારાયણ અમે છૈયે ને જો એમાં ખોટું કેહેતા (કહેતા) હોઈએ તો સર્વે પરમહંસના સમ છે.'...'' (શ્રી પુરુષોત્તમ માહાત્મ્ય : વા-૫)

આમ, શ્રીજીમહારાજે પોતાના સર્વોપરીપણાની દૃઢતા કરાવવા તથા ભક્તોને પોતાના યથાર્થ સ્વરૂપની પ્રતીતિ કરાવવા વારંવાર પરમહંસોના તો ક્યાંક નરનારાયણદેવના તો ક્યાંક રામાનંદ સ્વામીના સમ ખાધા છે. કારણ કે ભગવાન શ્રીહરિના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા વિના વાંધો ભાંગવાનો છે જ નહિ, એટલે કે આત્યંતિક કલ્યાણ થશે જ નહિ.

અરે ! શ્રીજીમહારાજ તો સંતો-ભક્તોને પોતાના પ્રગટ સ્વરૂપમાં પતિવ્રતાની ભક્તિ દૃઢ કરવા માટે લોયાના ૧૧માં વચનામૃતમાં તો ત્યાં સુધી કહે છે કે, ''...જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું. અને પોતાને ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી...''

અહિં આ વાત દ્વારા જ શ્રીજીમહારાજે પોતાના પૂર્વેના તમામ અવતારો કરતાં પોતે ભિન્ન છે તેમ સાબિત કરી બતાવ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ કહેવા માંગે છે કે, જ્યારે હું પ્રગટ પુરુષોત્તમ જ તમને મળ્યો છું તો તમારે હવે મારા બીજા કોઈપણ સ્વરૂપનું ધ્યાન કરવાની કે તેમાં આસ્થા રાખવાની જરૂર નથી. બસ, હવે મારા સ્વરૂપમાં જ તમે બધા પતિવ્રતાભાવથી જોડાઈ જાઓ તો તમારું નિર્વિઘ્ન કલ્યાણ થશે.

ગઢડા અંત્ય પ્રકરણના ૧૬માં વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે : ''...જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે...''

''...એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી...''

અહીં આ બે વચનામૃતોના સંદર્ભો પરથી શ્રીજીમહારાજ સ્પષ્ટપણે પોતાના આશ્રિત સંતો-ભક્તોને સમજાવવા માંગે છે કે પતિવ્રતાની ટેકવાળા ભક્તને પોતાના ઈષ્ટદેવ જે ભગવાનના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, અને તેમનું ધ્યાન પણ કરવું જોઈએ નહિ.

હવે ભગવાન શ્રીહરિના જ સ્વરૂપમાં મન સ્થિર થાય ને તેમના જ સ્વરૂપમાં પ્રીતિ થાય ને બીજા અવતારસ્વરૂપનું પણ ધ્યાન કરવાનું મન ન થાય, એવું ક્યારે શક્ય બને ? તો જ્યારે શ્રીજીમહારાજને જ સર્વોપરી માનીએ, સર્વકારણ અવતારના પણ કારણ સર્વાવતારી માનીએ ત્યારે જ એ શક્ય બને.

આવી સમજણની દૃઢતા અગતરાયના પર્વતભાઈને હતી. તેથી જ તેમની પાછળ ચોવીશ અવતારો ફરતા હતા. તેની નોંધ લેતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી પોતાના 'શ્રીહરિચરિત્રામૃતસાગર' નામના ગ્રંથમાં જણાવે છે :-

**'હરિ કહે મેં હું તેહ, તોહું ન ડગે મન લવ લેશ કબુ;**
**અવતાર સબહિ જેહ, પર્વતભાઈ કે પિછે હિ ફિરત. ૨૭**
**ખેતમેં ખેતિ કરત, પર્વતભાઈ સો જાઈ કર;**
**અવતાર સો પિછે ફિરત, પાંચ વર્ષ લગ રહેઉ ઈમિ. ૨૮**
**પાંચ વર્ષ લગ વઢે હરિ તાહિ, અવતારકું ક્યું ન માનત રહાહિ;**
**હરિ વઢત તબ હસત તેઉ, અબગુન કબકુ ન લેવત એકુ. ૨૯**
**બોત વઢત તબ બોલત તેહા, અબ કારન તુમ મિલે હો એહા;**
**કારન મેં કારન રહે અનંતા, તુમારે પારહિ કોઉ ન લહંતા. ૩૦**
**થડકું લિયે બાથહિ જબહુ, કોઉ બાહિર ન રહે તબહુ;**
**હમારે થડ તુમહિ મનાયે, તુમમેં થડ સબહિ જો આવે. ૩૩**
**દંઢાવ કરે હમ વજ સમાના, કોટિ ભુજ આવે ભગવાના;**
**તુમારો સો સામર્થ્ય હમ દેખે, તુમસેં વિશેષ કોઉ ન લેખે. ૩૪'**

અનુવાદ : ભગવાન શ્રીહરિ કહે : ''અવતાર એ હું જ છું, તો પણ તે અવતારને વિષે પ્રેમ થાય નહિ. પાંચ વર્ષ સુધી અવતારના દર્શન પર્વતભાઈને થયા કર્યા. જ્યાં જ્યાં જાય ત્યાં અવતારો તેમની પાછળ ચાલ્યા આવે છે એમ દેખાતું, છતાં પર્વતભાઈને તેમનામાં ભાવ ન થયો. એકવખત શ્રીહરિ વઢ્યા, ત્યારે તેમણે કહ્યું કે, સર્વના કારણ તમે મળ્યા છો, તમારા સામર્થ્યનો પાર નથી. અમારે તો એક જ મતિ છે કે, કારણમાં બધા કાર્યો આવી જાય. થડને બાથ ભરે તો તેમાં બીજા બધા આવી જાય. અમારે માટે તો તમે જ થડ છો. કોટિ ભુજાવાળા આવે તો પણ તમારાથી કોઈ વિશેષ નથી. અમે મનમાં જેવો ઘાટ કરીએ છીએ તે પ્રમાણે તમે દર્શન આપો છો. પછી તમારા વિના અને બીજી વાત કરતા નથી.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૨૭થી ૩૦-૩૩-૩૪)

આવી સર્વોપરીપણાની દૃઢ પ્રતીતિ ભગવાન શ્રી

સ્વામિનારાયણને વિષે થાય તે માટે આવો..., આપણે સંપ્રદાયના અમૂક પ્રસંગો જાણીએ :

અક્ષરઓરડીની પાસે ગંગાજળીયો કૂવો છે. ત્યાં નિત્ય મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજને બાજોઠ ઢાળી તે ઉપર બિરાજમાન કરીને ગંગાજળીયા કૂવામાંથી જળ સિંચીને સ્નાન કરાવતા. એક દિવસ આ ક્રમ પ્રમાણે બ્રહ્મચારી મહારાજને વ્હાલથી અંગોઅંગ ચોળીને ભક્તિભાવપૂર્વક સ્નાન કરાવતા હતા. આ દૃશ્ય લાડુબાએ જોયું તેમને શ્રીજીમહારાજના આવા દર્શન કરીને ખૂબ ભાવ થયો ને ધન્યતા અનુભવી. પછી તે જ દિવસે બપોરે જ્યારે શ્રીજીમહારાજ લાડુબાને ઓરડે જમવા પધાર્યા ત્યારે મહારાજ થાળી જમીને મુખવાસ લઈને રૂપાની સળી લઈને દાંત ખોતરતા હતા ત્યારે લાડુબાએ મહારાજને પ્રશ્ન પૂછ્યો, ''મહારાજ ! અત્યારે તો તમને દરરોજ બ્રહ્મચારી સ્નાન કરાવે છે, પરંતુ તમે જ્યારે કૃષ્ણાવતાર ધાર્યો હતો ત્યારે તમને કોણ નવરાવતું હતું ? ને કોણ જમાડતું હતું ?'' ત્યારે મહારાજનું મુખ જરાક શામળું થઈ ગયું ને બોલ્યા કે, ''લાડુબા ! આટલા વર્ષોથી હું તમારે ઘેર રહ્યો છું, તમે મારા તમામ દિવ્ય ચરિત્રો, ઐશ્વર્યો નજરે નિહાળ્યા છે છતાં તમે મારો મહિમા કાંઈ જાણ્યો જ નહિ ? સાંભળો લાડુબા ! હું તો સર્વે અવતારનો અવતારી છું અને ક્યારેય આ પૃથ્વી પર આવ્યો નથી ને આવીશ પણ નહિ.'' શ્રીજીમહારાજની આ વાત સાંભળીને લાડુબાએ બે હાથ જોડી માફી માંગીને કહ્યું, ''મહારાજ ! અમને માફ કરો. અમે તમને ભગવાન જ જાણીએ છીએ પરંતુ કેવડા મોટા છો તેનો તો તાગજ નથી લઈ શકતા.''

વિ.સં. ૧૯૧૧ના હરિનવમીના સમૈયા માટે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા હતા. તે વખતે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે વડતાલમાં શ્રીમદ્ સત્સંગિજીવનની પારાયણ કરાવીને ચાર મહિના સુધી સંતો-હરિભક્તોને ત્યાં રાખીને કથાવાર્તા કરાવી. તેમાં ગુણાતીતાનંદ સ્વામીએ પણ તે છાવણીમાં શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાથી ભરપૂર વેધક વાણી વહાવી. તેથી કેટલાયને ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચડી ગઈ. એથીયે વિશેષ, સ્વામીની આ સર્વોપરી નિષ્ઠાની અદ્‌ભુત વાતો સાંભળીને ઘણાંયને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના પણ દઢ થઈ ગઈ.

વડતાલમાં ગાદીવાળા મેડે ગઢડા મધ્ય પ્રકરણના ૯માં વચનામૃતનું નિરૂપણ સ્વામીએ કર્યું. આ સાંભળીને વરિષ્ઠ સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી પણ બોલી ઊઠ્યા કે, ''સ્વામી ! આ વચનામૃત લખ્યા તો મેં જ છે, પરંતુ યથાર્થ તો આજે જ સમજાયું. આ મેડાના પગથિયાં ન ચડ્યો હોત તો આ વચનામૃત ન સમજાત.'' આ સમયે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પણ ત્યાં જ હતા. તેઓ આ સાંભળીને હસ્યા. પછી તેઓએ પોતાની ગાદી પર ચંપાના ત્રણ ફૂલ પડ્યાં હતાં તે એક બીજાની છેટે મૂકી સ્વામીને કહ્યું, ''સ્વામી ! કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે અને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પરંતુ આ ફૂલ સુધી કોઈ પૂગતું નથી.'' અર્થાત્ કેટલાક મહારાજને દત્ત-કપિલ જેવા સાધુરૂપ અવતાર માને છે અને કેટલાક મહારાજને રામકૃષ્ણાદિક અવતાર જેવા માને છે અને કહે પણ છે, પરંતુ તેમને સર્વોપરી સર્વાવતારી કોઈ કહેતું નથી.


આ વાત સાંભળી સ્વામીએ છેલ્લું ત્રીજું ફૂલ લઈ પાસે બેઠેલા અચિંત્યાનંદ બ્રહ્મચારી પર ફેંક્યું અને કહ્યું, ''બાપજી ! આ બ્રહ્મચારી તે ત્રીજા ફૂલ સુધી પૂગી ગયા છે અને અનેકને ત્યાં સુધી પહોંચાડશે.'' આ સાંભળી આચાર્ય મહારાજશ્રીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આજ્ઞા કરી કે, ''સ્વામી ! તમે આ ત્રીજા ફૂલ સુધી જીવાત્માએ પહોંચી શકે તે માટે શ્રીજીમહારજના સર્વોપરીપણાનો ગ્રંથ રચો અને જે ગ્રંથ રચો તેમાં શબ્દમાત્ર આ ફૂલ સુધી પૂગાડજો.'' એમ શ્રીજીમહારાજની મૂર્તિ સામે નિર્દેશ કરીને આજ્ઞા કરી.

આમ, આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી તેમજ સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની પાયેલ સર્વોપરી ઉપાસનાની ગળથૂંથીના પરિણામે સંપ્રદાયનો અજોડ ગ્રંથ રચાયો, જેનું નામ 'શ્રીહરિલીલા કલ્પતરુ' આ ગ્રંથમાં વેણે વેણે, શબ્દે શબ્દે, અક્ષરે અક્ષરે જેમ બરફનો ગાંગડો ઓગળે અને પાણી નીતરે તેમ શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું નીતરે છે.

ભગવાન શ્રીહરિનો અપરંપાર મહિમા રેલાવતા આ ગ્રંથના સાતમાં સ્કંધના એકવીસમાં અધ્યાયમાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના તેર અસાધરણ લક્ષણોની વાત આવે છે.

પ્રસંગ એવો બનેલો છે કે એકવાર શ્રીજીમહારાજના નડિયાદમાં નિવાસ દરમ્યાન, કાશીના સંન્યાસી અને ચાર અદ્વૈતી વિદ્વાનો ભગવાન શ્રીહરિને શાસ્ત્રાર્થમાં હરાવવા આવેલા. પરંતુ શ્રીજીમહારાજના પ્રંભાવ આગળ તેઓ ઝૂકી પડ્યા ને મહારાજની ઈચ્છાથી જ તેઓને સમાધિ થઈ. થોડીવારે સમાધિમાંથી પાછા આવતા જ તેઓ ભગવાન શ્રીહરિને દંડવત્ કરીને કહેવા લાગ્યા, ''અક્ષરધામમાં અક્ષરમુક્તો જે આપની સ્તુતિ કરે છે તે સ્તુતિમાં આપને જ તેઓએ અવતારી કહ્યા છે પણ આપ અવતારીના લક્ષણો અમોએ જાણ્યાં નથી, તો તે અમને કહો.''

તે વખતે શ્રીજીમહારાજે અવતારીના લક્ષણો કહેવા માટે અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ



સ્વામીને પ્રેરણા કરી, ત્યારે સ્વામી ભગવાન શ્રીહરિના અવતારીપણાના તેર લક્ષણો કહે છે - તે અત્રે જોઈએ :

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૨૧/૨-૨૦)

श्री गोपालानंद उवाच ।

'आर्योत्तम गुणसुखादिमहापयोधे

धार्मेर्विभोर्भवभिदो ह्यवतारहेतोः ।

अस्य त्रयोदश शुभानि हरेरहं

योऽसाधारणानि कथयामि सुलक्षणानि ।।१।।'

**અર્થ : શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે :-** હે આર્યોત્તમો ! (વિદ્વાનો) અપહત પાપ્મત્વ વગેરે મુખ્ય ગુણો તથા સુખ ઐશ્વર્ય વગેરેના મહાસાગર વિભુ, સંસારરૂપી સાગરને નિવારણ કરનારા, સકળ અવતારના એક માત્ર કારણરૂપ, ધર્મના પુત્ર, આ શ્રીહરિના તેર અસાધારણ લક્ષણો તમોને હું કહું છું.

## અસાધારણ લક્ષણ : ૧

'अस्याऽभवन्निह पुरा भुवि येऽवतारास्तान्

दर्शयत्युरुजनान्निजदिव्यरूपे ।

एतत् पवित्रयशसः शुभमीड्यमस्याऽसाधारणं

प्रथममेव सुलक्ष्म वेद्यम् ।।२।।'

**અર્થ :** શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે : હે પંડિતો ! આ પૃથ્વી ઉપર પહેલાં જે અવતારો થયા હતા તે સર્વ અવતારોને, પોતાના દિવ્યરૂપમાં જે ઘણા મનુષ્યોને બતાવે છે તે સર્વાવતારી ભગવાન શ્રીહરિનું **પ્રથમ લક્ષણ** છે.

આ લક્ષણ પ્રમાણે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે જેતપુરમાં ગાદ્યારૂઢ થયા પછી કાલવાણી અને માંગરોળમાં અનેક વ્યક્તિઓને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન પોતાના સ્વરૂપમાં કરાવ્યા હતા. અને સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવના સ્વરૂપનો શ્રીજીમહારાજની સેવામાં હોય તેવા દર્શન કરાવ્યા હતા.

ગઢડામાં જયારે એભલખાચર દ્વેષીઓની કાન ભંભેરણીથી ભગવાન શ્રીહરિને તલવાર લઈને મારવા જાય છે ત્યારે પણ શ્રીજીમહારાજે તેમને ચતુર્ભુજ વિષ્ણુના દર્શન પોતાના સ્વરૂપમાં કરાવ્યાં હતા.

ગઢપુરમાં દાદાખાચર સદાવ્રત અપાવતા તેમાં કાચું સીધ્ધુ અપાતું હતું. એક દિવસ ૨૦૦ ખાખી બાવાઓની એક જમાત સદાવ્રત લેવા આવી ને પાકુ સીધ્ધુ માગવા લાગ્યા. દાદાખાચરે તેની ના કહી કાચું સીધ્ધુ મળશે એમ કહ્યું. તેથી ચીપીયા લઈને ગાળો બોલવા લાગ્યા ને દાદાખાચરને ડરાવવા લાગ્યા. તેથી દાદાખાચર ગભરાઈને દોડતા દોડતાં મહારાજ પાસે આવ્યા ને મહારાજને બધી વાત કરી. મહારાજે કહ્યું, તેમને કહો પાકું સીધ્ધુ અંદર દરબારમાં મળે છે એમ કહીને અમારી પાસે લાવો. દાદાખાચર દોડતા ગયા ને બધા ખાખીઓને મહારાજ પાસે લાવ્યા. ત્યાં આવીને મહારાજ પાસે ફાવે તેમ એલફેલ બોલવા લાગ્યા. તેથી મહારાજે તેમને કહ્યું, ''તુમ કિનકે ઉપાસક હો ?'' એટલે તે જમાતનો મોવડી આગળ આવીને બોલ્યો, ''હમ સબ નૃસિંહ હૈ, હમારા દર્શન કરો.'' મહારાજ બોલ્યા, ''તો હમ હી નૃસિંહ હૈ, હમારા દર્શન કરો.'' આટલું સાંભળતા જ તે મોવડી ખાખી બાવો ખીજાણો ને ચીપીયો ઉગામ્યો ત્યાં જ મહારાજના સ્વરૂપમાં તે ૨૦૦ બાવાઓને નૃસિંહ ભગવાનના દર્શન થયા. બધા જ બાવા મહારાજના ચરણમાં ઢળી ગયા ને કહ્યું, ''તુમ હી હમારે ઈષ્ટદેવ હો, અબ હમ સબકું તુમ્હારે પાસ રખ્ખો.'' પછી મહારાજે તે બધા બાવાઓને એકી સાથે દીક્ષા આપીને પોતાના સાધુ બનાવ્યા. (શ્રી દુર્ગપુર માહાત્મ્ય)

આમ, શ્રીજીમહારાજે અનેકવાર આવું ઐશ્વર્ય પોતાના આશ્રિતોને જણાવ્યું હતું.

અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આવા સર્વાવતારી શ્રીજીમહારાજનું બીજું અસાધારણ લક્ષણ જણાવે છે;

## અસાધારણ લક્ષણ : ૨

'गोलोकमुख्यनिजधामसु दिव्यरूपा
या मूर्तयोऽथ सुविभूतय आत्मनस्ताः ।
प्राणिव्रजानिह निरीक्षयते स्वमूर्तौ ज्ञेयं
द्वितीयमिदमस्य हि लक्ष्म चैषः ।।३।।'

**અર્થ** : ગોલોકાદિક ધામોમાં રહેલી શ્રીકૃષ્ણાદિક દિવ્યમૂર્તિઓ તથા તે ધામનાં ઐશ્વર્યો જે આ લોકમાં પોતાની મૂર્તિમાં સૌ મનુષ્યોને બતાવે છે તે અવતારી ભગવાન શ્રીહરિનું **બીજું લક્ષણ** છે.

એક વખત મહારાજ દાદાખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીયે વિરાજમાન હતા. લાડુબાએ કેસરીયા બિરંજની રસોઈ આપી હતી તે જમવા માટે બપોરે પરમહંસોની પંક્તિ બેઠી હતી ને મહારાજ બધા પરમહંસોને કમરે ખેસ બાંધીને પીરસતા હતા, તે પીરસી રહ્યા પછી તે ઓરડાના પગથીયાં સન્મુખ પંક્તિને મધ્યે એક બાજોઠ નાખી આથમણે મુખારવિંદે મહારાજ જમવા બેઠા. અને એક બાજોઠ આગળ મૂક્યો હતો, પછી લાડુબાએ થાળ પીરસીને બહાર મૂક્યો તે સચ્ચિદાનંદ સ્વામીએ લાવી મહારાજ આગળ બાજોઠ ઉપર મૂક્યો, પછી મહારાજે 'જય સચ્ચિદાનંદ' કહી સર્વેને જમવાની આજ્ઞા કરી અને પોતે જમવા બેઠા. તે વખતે સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ ને તેઓ ગોલોકધામમાં ગયાં. તેમાં ભગવાનનો દરબાર દેખાયો તેના મધ્યમાં એક દિવ્ય સિંહાસન દેખાયું ને તેથી ઉગમણીબાજુ એક રાધાનો બાગ દેખાયો. અને તે બાગથી આથમણી બાજુ એક સુંદર રાધાની વાવ જોઈ. તેમાં નીલમણિઓ જડેલી હતી, અને શ્વેતમણિના પગથીયાં અને સાત માળની તતા પીળા મણિના ઘુંમટ બાંધેલા ને ઉપ ઈંડાઓ તથા આસમાની મણિના પતાકાઓ ને નાળમાં બે બાજુ બે મોટા મરકત મણિના ગોખમાં ગણપતિ અને હનુમાનજી વાવના રક્ષણ માટે રહેલા, વાવના મથાળા ઉપર સતી સહિત શંકર ધ્યાન કરવા બેઠેલા, અને વાવના બે ટોડાના ગોખમાં સૂર્યનારાયણ તથા આદ વિષ્ણુ બેઠેલા હતા. અને તેના કોડામાં ઉગમણી તરફ શ્વેતમણિના ગોખમાં સાવિત્રી સહિત બ્રહ્મા બેઠેલા અને એના ઉત્તરાદા મતવાલા ઉપર સરસ્વતી અને દક્ષિણાદા મતવાલા ઉપર લક્ષ્મીને દેખ્યા ને તે સર્વે દેવ મૂર્તિમાન થકા તે વાવની રક્ષા કરતા હતા. તેમને સચ્ચિદાનંદ સ્વામી નમસ્કાર કરી પગે લાગ્યા ને તેમની આજ્ઞા માગીને વાવમાં ધુબકો મારી પડ્યા. ત્યાં તેની માંહિલી ચાલમાં હજારો ગોપ અને ગોપીઓને જોયાં. એ વાવના મધ્યમાં સ્નાન કરતા કૃષ્ણ અને રાધિકાને દેખ્યાં. સચ્ચિદાનંદ સ્વામીને જોઈને તેમણે સત્કાર કર્યો ને શ્રીકૃષ્ણે પોતાના જમણા હાથથી સ્વામીનું જમણું કાંડું પકડીને બહાર કાઢ્યા ને વસ્ત્ર બદલાવી રાધાબાગને વિષે જે જે શોભાઓ હતી તે તમામ સમૃદ્ધિ તથા શોભા પશુપક્ષી, મણિઓથી બાંધેલા પાણીના હોજ, મણિઓના હિંડોળા. મણિમય બંગલાઓ આદિક ખૂબ દેખાડ્યું પછી ગોલોકપતિ કૃષ્ણ દીનેશ સચ્ચિદાનંદ સ્વામીને પોતાના મહેલમાં લઈ ગયા ત્યાં અનેક જાતના ફળો સચ્ચિદાનંદ સ્વામીને જમાડ્યા અને તે બંગલાના દશે માળમાં ઊભા રાખીને આખો બાગ દેખાડ્યો. આ જોઈને સચ્ચિદાનંદ સ્વામી ખૂબ આનંદ પામ્યા. પછી કૃષ્ણ કહે. "હે સચ્ચિદાનંદ સ્વામી ! હે મહાકાલ સ્વરૂપ ! મારા નાથ સ્વામિનારાયણ શું કરે છે ?" એમ કહીને સચ્ચિદાનંદ સ્વામીને બાથમાં ઘાલીને મળ્યા. પછી સચ્ચિદાનંદ સ્વામીને કહે, "કાંઈક વર માંગો." ત્યારે સ્વામી કહે, "મારા સ્વામી શ્રીજીમહારાજને માટે હું આવો બાગ રચું એ વર આપો." તે સાંભળીને શ્રીકૃષ્ણ હસ્યા અને કહે, "એ તો અનંતકોટિ બ્રહ્માંડોના નાથનાય નાથ છે, એને તો આવી અનેક વાવ અને બાગો છે અને તે તમને મળ્યા છે. તમે તમારા સ્વરૂપને જ ઓળખતા નથી, અમારા જેવા તો અનંતકોટિ એ શ્રી સ્વામિનારાયણના દાસ છે તે આવા તો અનંત બ્રહ્માંડને તમારા દ્વારા નાશ કરે છે. તે તમારું સ્વરૂપ તમે જુઓ." આમ ખૂબ શ્રીજીમહારાજનો પ્રતાપ અને મહિમા કહ્યો પછી સ્વામીને શ્રીકૃષ્ણ કહે, "જાઓ, તમારો મનોરથ સ્વામિનારાયણ પુરો કરશે."

આ બધી ચર્ચા દરમ્યાન અહીં દરબારગઢમાં મહારાજ થાળ જમી રહ્યા. અને સચ્ચિદાનંદ સ્વામી સમાધિમાંથી ઉઠ્યાને મહારાજે પોતાના થાળની પ્રસાદી સચ્ચિદાનંદ સ્વામીને આપી. સ્વામીએ સમાધિની બધી વાત કહી, તે સાંભળીને લાડુબા મહારાજને કહે, "મહારાજ ! એવો બાગ તથા વાવ આપ પણ કરાવો." પછી મહારાજે ભગુજી, મીંયાજી, રતનજી અને અલૈયા આદિક સર્વેને બોલાવ્યા ને રાધાવાવ કરવાની આજ્ઞા કરી ને સચ્ચિદાનંદ સ્વામીને રાધાવાડી કરવાની આજ્ઞા કરી.

(શ્રીહરિચરિત્ર ચિંતામણી : ભાગ - ૨, વાત-૩૫)

આમ, અનંત ધામના ધામી ભગવાન શ્રીહરિ આ પૃથ્વી પર સૌ મનુષ્યોને અવારનવાર ઐશ્વર્યો બતાવતા.

## અસાધારણ લક્ષણ : ૩

'नारायणोऽयमपि यादृशतादृशानाम्आकृष्य
भूर्यसुभृतां स्वदृशा शिरासून् ।
स्वस्मिन् विधापयति तान् दयया समाधिं
बोध्यं तृतीयमिदमस्य सुलक्ष्म भद्रम् ।।४।।'

**અર્થ** : દૃષ્ટિમાત્રથી સાધારણ મનુષ્યોના નાડી પ્રાણ ખેંચીને ધ્યાનપૂર્વક પોતાની મૂર્તિમાં તેમની ચિત્તવૃત્તિનો નિરોધ કરાવે છે તે આ સર્વાવતારી ભગવાન શ્રીહરિનું **ત્રીજું લક્ષણ** છે.

સર્વકારણના કારણ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણાના ફળરૂપે થતી સમાધિ કઠિન સાધના વિના પણ સૌને કરાવતા. શ્રીજીમહારાજના કોઈ દર્શન કરે તો તેને પણ સમાધિ થઈ જતી.

જેને જેને ભગવાન શ્રીહરિની કૃપાથી સમાધિ થતી તે ત્રણ-ચાર દિવસ સુધી, કેટલાક તો પંદર દિવસ સુધી તો કેટલાક મહિના સુધી તો કેટલાક છ-છ મહિના સુધી શબવત્ પડ્યા રહેતા. તેમના સંબંધીઓ તેમને શોધવા આવતા ત્યારે તેમને સૌને એક બાજુએ ખડકી રાખ્યા હોય તેમાંથી ભગવાન શ્રીહરિ શોધી લાવવાનું કહેતા. તેઓ ત્યાં જઈને તેમના સંબંધિઓને શોધતા અને ફરી ભગવાન શ્રીહરિ પાસે આવતા ત્યારે શ્રીજી પ્રભુ ત્યાં આવીને સોટી અડાડતા ત્યારે તે ભક્ત ઊભા થઈ જતાં.

અરે ! મનુષ્યને તો સમાધિ કરાવતા, પરંતુ પશુ-પંખીને પણ શ્રીજીમહારાજ સમાધિ કરાવતા.

એક સમયે શ્રીજીમહારાજ સાથે સૌ સંતો-ભક્તો ઘોડીએ અસવાર થઈ લક્ષ્મીવાડીમાં પધાર્યા ને બેઠકે સભા કરીને મહારાજ ઓટા ઉપર ઉત્તર મુખે બિરાજમાન થયા. અને સભામાં વાતો કરવા લાગ્યા, તેમાં સમાધિની વાત નીકળી ને સંતો સૌ વાતો કરવા માંડ્યા કે, ''લોજ, માંગરોળ ને કાલવાણીમાં મહારાજ બહુ જીવને સમાધિ કરાવતા પણ હવે કરાવતા નથી.'' ત્યારે ગરઢેરા બોલ્યા કે, ''તમારે જોવી હોય તો હમણાં પણ મહારાજ સમાધિ કરાવે.'' ત્યારે કોઈક બોલ્યા કે, ''મારે સમાધિ જોવી છે.'' ત્યારે સોમલાખાચરે મહારાજને કહ્યું, ''આ ભક્તને સમાધિ જોવી છે માટે એને સમાધિ દેખાડો.'' એટલે ઓટાથી દક્ષિણાદી તરણ ઘણાં કબુતર ચણતાં હતા. તે સામું શ્રીજીમહારાજે જોઈને ચપટી વગાડી એટલે તે કબુતરોને સમાધિ થઈ ગઈ ને બધાં ઊંધાં-છતાં થઈને પડ્યાં. પછી તે સમાધિ જોવી હતી તે ભક્તને મહારાજે કહ્યું, ''તે પક્ષીઓની નજર રાખો, નહીં તો કાગડા કુતરો આવીને ઉપાડી જાશે તો તમને પાપ લાગશે તેથી એને એક ઠેકાણે ભેગો કરો.'' પછી બધા કબુતરોને પકડી પકડીને એક જગ્યાએ ઢગલો કર્યો. પછી મહારાજ કહે, ''એના ઉપર લુગડું ઢાંકીને ત્યાં બેસીને ખબર નહીં રાખો તો જરૂર કોઈક જનાવર ઉપાડી જાશે ને તમને પાપ લાગશે માટે સાવચેત રહેજો.'' એમ કહીને મહારાજ સભામાં વાતો કરવા માંડ્યા. વાત વાતમાં મહારાજે રમુજની બહુ સારી વાત કરી એટલે સૌ હસવા લાગ્યા ને મહારાજ પણ મંદમંદ હસવા લાગ્યા. ત્યારે જે કબુતરની ખબર રાખવા બેઠો હતો તેને મનમાં દાઝ થઈ કે ''મહારાજ કેવી રૂડી મજાની વાતો કરે છે ને એનું સુખ મને નથી આવતું ને આ કબુતરોની સંભાળ રાખવા છેટે ઊભો છું તેથી પુરી વાત પણ સમજાતી નથી.'' એમ અકળાઈને મહારાજને હાથ જોડીને કહે, ''હે કૃપાનાથ ! હવે મારો છુટકો કરો, મારે સમાધિ જોવી નથી ને આ કબુતર સામી દૃષ્ટિ કરો એટલે સૌ ઉડી જાય તો હું તમારી પાસે આવીને બેસું ને વાતો સાંભળું.'' ત્યારે મહારાજ કહે, ''તેના ઉપર લુગડું છે તે લઈ લો.'' તેથી ભક્તે લુગડું લઈ લીધું. પછી મહારાજે કબુતર સામી દૃષ્ટિ કરી એટલે સૌ ફરરરર ફરરરર પાંખો કરીને ઉડી ગયાં ને મહારાજ વાતો કરવા માંડ્યા.

આવા અદ્ભુત પ્રતાપ જોઈને અનેકને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો નિશ્ચય થતો હતો, જેની નોંધ આચાર્યપ્રવર પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લીધી છે :

**'જ્યારે શ્રીહરિ પુરમાં પધારે, જેના સામું જુવે હરિ જ્યારે;**
**તેને સદ્ય સમાધિ તો થાય, ગોલોકાદિક ધામમાં જાય.**
**કોઈ વેપાર કરતા વેપારી, કોઈ તોળતા ત્રાજવાં ધારી;**
**કોઈ નામું ઠામું લખનાર, થઈ જાય જોતાં શબાકાર.**
**બીજા પરચા અનેક જણાય, જોઈ જન હરિ આશ્રિત થાય;**
**કરે દેવતા પુષ્પની વૃષ્ટિ, કોઈ કાળે દેખે જન દૃષ્ટિ.**
**આવે દર્શને દેવ અલેખે, કોઈ જન નિજદૃષ્ટિયે દેખે;**
**આખા દેશમાં વિસ્તરી વાત, પ્રભુ પ્રગટ થયા સાક્ષાત.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૬/૫૫-૫૯)

આ ઉપરાંત આખા ગામમાં ખીસકોલીને પંચાળામાં મગરને, સરધારમાં માછલાઓને તથા બુધેજમાં કબૂતરોને સમાધિ કરાવી. આમ, પશુ-પંખીને ક્ષુદ્ર જંતુઓને પણ શ્રીજીમહારાજના સંકલ્પથી સમાધિ થતી હતી.

ભગવાન શ્રીહરિનો આવા પ્રતાપ જોઈ કેટલાકને ડર પણ લાગતો કે આના દર્શનથી આપણે શબવત્ થઈ જઈશું. ભોળા લોકોને મંત્ર, જંત્ર અને કામણનો ભય લાગ્યો એટલે સૌ શ્રીજીમહારાજના દર્શન કરવાનું ટાળવા લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજે પણ સંકલ્પ કર્યો કે, ''મારી ચાખડીનો ચટચટ અવાજ સંભળાશે તેનેય સમાધિ થશે.'' પછી તે રીતે પણ સૌને સમાધિ થવા લાગી. મોટા યોગીઓ અને દેવોને પણ દુર્લભ સમાધિ ભગવાન શ્રીહરિએ અનેકને કરાવી તે તેમના અવતારીપણાની પ્રતીતિ કરાવે છે.

અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું ચોથું લક્ષણ બતાવતાં આગળ કહે છે :-

## અસાધારણ લક્ષણ : ૪

'अस्येह वै तनुभृतां विहितोऽवतारै-र्मोक्षश्च
यादृगपि कारित ईश्वरोऽसौ ।
वेद्यं समाधिरपि कारयति स्वभक्तै-स्तं
तादृशं त्विदममुष्य सुलक्ष्य तुर्यम् ।।५।।'

**અર્થ :** આ લોકમાં અવતારોએ મનુષ્યોનો જેવો મોક્ષ કર્યો છે તથા તેમને જેવી સમાધિ કરાવી છે તેવું તો આ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તો દ્વારા કરાવે છે, આ તેમનું **ચોથું લક્ષણ** છે.

શ્રીજીમહારાજે જેવું સામર્થ્ય અગાઉના અવતારો દ્વારા બતાવ્યું છે તેમજ જે સમાધિ ભગવાન શ્રીહરિ પોતે કરાવતા તેવી જ સમાધિ અને તેવું જ સામર્થ્ય પોતાના ભક્તો દ્વારા પણ દેખાડતાં.

એક વખત દાદાખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર શ્રીજીમહારાજ સભા ભરીને બિરાજમાન હતા. આગળ સંતો-ભક્તો બેઠા હતાં. શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું :- "આપણે બધે ઠેકાણે સત્સંગ કરાવ્યો પણ સિંધ દેશમાં સત્સંગ નથી થયો તો ત્યાં સત્સંગ કરવા કોને મોકલશું ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે : "મહારાજ ! આ શેખજીને મોકલો, તે સિંધ દેશની ભાષા જાણે છે ને તે સત્સંગ કરાવશે તો અનંત જીવો જીવ હિંસા બંધ કરીને ભગવાન ભજશે." આમ કહેવાથી શ્રીજીમહારાજે શેખજીને પોતાનું ઐશ્વર્ય આપ્યું ને કહ્યું : "શેખજી ! જાઓ તમે જેને યમપુરી દેખાડશો તેને યમપુરી દેખાશે ને જેને સત્સંગ થાય તેને તમારી દાઢી દેખાડશો એટલે તુરંત તેને ધામ દેખાશે ને ચૌદલોકને વિષે જે જે સ્થાનક છે તથા બીજા અવતારના જે ધામ છે તે પણ તેને અહીં રહ્યા થકા દેખાશે." શેખજી ભગવાન શ્રીહરિની રજા લઈને સિંધ દેશમાં સત્સંગ કરાવવા ચાલ્યા ને ચાલતાં ચાલતાં અમદાવાદની આસપાસના ગામડાઓમાં ગયા ને ત્યાં સત્સંગીઓને ઘેર ઊતરીને સત્સંગ કરાવવા લાગ્યા ને કહે : "જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો." એવી રીતે કેટલાકને પોતાની દાઢીનું ધ્યાન કરીને અક્ષરધામ દેખાડ્યું. કેટલાયને સમાધિ કરાવી ગોલોક, વૈકુંઠ આદિક ધામો દેખાડ્યાં. સ્વર્ગ અને યમપુરી પણ દેખાડી તેથી માણસો બહુ આકર્ષાવા લાગ્યા ને શ્રીજીમહારાજની જેમ શેખજીની પધરામણી થવા લાગી. અને હંમેશા પાકો થાળ કરીને ભક્તો જમાડવા લાગ્યા.

આમ ઋષિમુનિઓ, યોગીઓ અને દેવોને પણ દુર્લભ એવી સમાધિ સ્થિતિ ફક્ત શેખજીની દાઢીનું ધ્યાન કરવાથી થતી. આજ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશરાનું બળ છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના જીવન-કવન સામે દૃષ્ટિ કરીએ તોપણ આપણને ખ્યાલ આવી જશે કે જેમનામાં અવતારો જેટલી સામર્થી હોય તેના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ તો ઐશ્વર્ય-સામર્થીના ભંડાર જ હશે !!

વડોદરા નિવાસ દરમ્યાન સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ અનેક ઐશ્વર્ય-પ્રતાપો દેખાડ્યા હતા. અરે ! ભગવાન શ્રી સ્વામિનારાયણના ટેકીલા એક હરિભક્તની લાજ રાખવા માટે ચંદ્રગ્રહણની ગતિને સ્વામીએ રોકી દીધી હતી.

ઠંડીમાં ઠરતા ગોપાળાનંદ સ્વામીને વરસાદથી ભીંજાઈ ન જાય તે માટે પોતાની ઝૂંપડીમાં આશરો આપનાર બ્રાહ્મણ હોવા છતાં વટલાઈ ગયેલા અધમ પાપી પુરુષને પણ સમાધિ સ્થિતિ પ્રાપ્ત કરાવી હતી.

બાળપણમાં પણ પૂર્વાશ્રમમાં હતા ત્યારે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના પરચાઓ પણ સંપ્રદાયમાં સોનેરી પુષ્ઠોમાં પ્રસિદ્ધ છે. તેઓની સાથે શામળાજીના મંદિરમાંથી સ્વયં શામળાજી રમવા માટે આવતા હતા.

પોતે બાળકોને પાઠશાળામાં ભણાવતા હતાં. ભણાવતા - ભણાવતા બાળકોને સમાધિ કરાવીને અક્ષરધામમાં પહોંચાડી દેતા અને પાછા દેહમાં લાવતા ત્યારે તે બાળકો સમાધિમાં જોયેલ અક્ષરધામનું વર્ણન કરતાં.

સારંગપુરમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ સ્વહસ્તે સ્થાપેલા શ્રી હનુમાનજી જ સ્વામીની પરાકાષ્ઠાની સાક્ષી પૂરે છે.

આવા આવા તો અનેક ઐશ્વર્ય પ્રતાપો ભગવાન શ્રીહરિએ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા બતાવ્યા છે.

અરે ! વડિલ સંતોની ગુરુ પરંપરામાં પૂ. સંતો પણ એમ કહેતા આવ્યા છે કે જો આ ભૂમંડળ ઉપર સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ ન પધાર્યા હોત અને ફક્ત સંતોને જ મોકલ્યા હતો તો પણ તે એક એક સંત અવતાર જેટલું કાર્ય કરી શકે અને એક એક સંત આ ભૂમંડળમાં ભગવાન માનીને પૂજાત એટલું સામર્થ્ય શ્રીજીમહારાજે આ સંતોમાં મૂકેલું હતું.

ઘેલા નદીના કાંઠે ફુલવાડી બનાવવા માટે ઓરીયો બાંધ્યો હતો ને તે વાડીના મુખીયા તરીકે ગોવિંદાનંદદાસ અને કપિલદાસ નામના બે પાર્ષદોને મોકલ્યા હતા. તે ફુલવાડીમાં શ્રીજીમહારાજે આંબા રોપ્યા હતા. તેને આ બે પાળાઓ દેખભાળ રાખતા. એકદિવસ કપિલદાસ દોડતા આવીને ભગવાન

શ્રીહરિને કહેવા લાગ્યા : "મહારાજ ! શિયાળીયા આવીને આંબાને કાપી નાંખે છે." ત્યારે મહારાજ કહે : "સદાનંદને (સ્વામીને) ત્યાં તેડી જાઓ, તે શિયાળીયાની રંજાડ ટાળશે." પછી સદાનંદ સ્વામી ત્યાં ગયા ને રાત્રિએ શિયાળીયાનું ટોળું જ્યાં વાડીમાં ચિભડાં વાવ્યા હતા તે ખાવા આવ્યું. તે વખતે સદાનંદ સ્વામીએ તેના નાડી પ્રાણ ખેંચી લીધા તેથી પાંસઠ શિયાળીયા જે જગ્યાએ હતા ત્યાં જ પડી ગયા ને લાકડા જેવા થઈ ગયા. સવાર સુધી એમના એમ જ પડ્યા રહ્યાં. સવારે શ્રીજીમહારાજ ફુલવાડીમાં પધાર્યા ને શિયાળીયાની આ સ્થિતિ જોઈને સદાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ તમે શું કર્યું ?" ત્યારે સદાનંદ સ્વામી કહે : "એને બદ્ધ મટાડી મહાદશા પમાડી છે." ત્યારે મહારાજ કહે : "આને ઝટ જીવતા કરો, નહિ તો ગામમાં ખબર પડશે તો બહું ભૂંડુ દેખાશે ને આપણી વાતો થાશે." ત્યારી સ્વામી કહે : "કોઈ પાળાને મોકલો એટલે આ બધા ઉંઘા પડી ગયા છે તે સરખા બેસતા કરી આવે." પછી પાર્ષદને મોકલી બધા શિયાળીયાને સરખા ઊભા કર્યાં. ત્યારપછી સદાનંદ સ્વામીએ ચપટી વગાડીને પોતાનું એવું ભયકંર સ્વરૂપ દેખાડ્યું કે બધા શિયાળીયા ઊઠીને ભાગવા લાગ્યા ને પોકાર કરતાં જાય ને પાછું વાળી જોતા જાય એમ ખેપટ ભાગ્યા. સદાનંદ સ્વામી તેમને પોકારીને બોલાવે પરંતુ બધા ભાગી ગયા.

આ રીતે તો અનેક ચમત્કારો, ઐશ્વર્ય-પ્રતાપો પોતાના સામાન્ય હરિભક્ત કે સંતો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ વારંવાર બતાવતા. એટલે જ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "મોટા અવતાર થઈ ગયા છે તે કરતા તો આ સત્સંગીના સમાધિનિષ્ઠ છોકરાં સામું જોઈએ છીએ ત્યાં તો મહારાજને પ્રતાપે કરીને કરોડ કરોડગણું અધિક દૈવત જણાય છે."

(સ્વામીની વાતો : ૨/૭૨)

અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પાંચમું લક્ષણ બતાવતાં આગળ કહે છે :-

## અસાધારણ લક્ષણ : ૫

'ज्योतिर्मयातिरूचिराक्षरधामसंस्थे
सिंहासने मणिमये स्फुरिते निषण्णा ।
या वै स्वमूर्तिरतुलावयवास्त्यतुल्या
तेजोमयी ह्यगणिताक्षरमुक्तजुष्टा ।।६।।
तां देहिऽनोयमिह यादृशतादृशान् वै
कारुण्यतः सपदि दर्शयति स्वतन्त्रः ।
एतस्य पञ्चममिदं शुभलक्ष्म वेद्यं
यद्वर्णितं मुनिगणैश्च कविप्रवर्यैः ।।७।।'

**અર્થ :** તેજોમય અને રમણીય અક્ષરધામમાં પોતાની જે મૂર્તિ છે તે જ મૂર્તિને જે આ લોકમાં સાધારણ મનુષ્યોને કરુણાપૂર્વક બતાવે છે કે તે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું **પાંચમું લક્ષણ** છે.

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ બતાવેલ સર્વાવતારી ભગવાન શ્રીહરિનું આ લક્ષણ તેમના સ્વરૂપને ઓળખવામાં ખૂબજ સહાયરૂપ બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયા પ્રકરણના ચોથા વચનામૃતમાં કહે છે : "...ભગવાનની મૂર્તિ તો સદા એકસરખી છે, તો પણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. અને પોતે તો સદા દ્વિભુજ છે, તો પણ પોતાની ઈચ્છાએ કરીને કયાંઈ ચાર ભુજ, ક્યાંઈ અષ્ટભુજ ક્યાંઈ અનંત ભુજને દેખાડે છે ..."

**ગ. મ. ૪૨ :-** "...તેમ પુરૂષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે..."

**ગ. મ. ૬૪ :-** "...અક્ષરધામ છે અને તે ધામને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહે છે અને તે ધામમાં રહ્યા થકા અનંતકોટિ જે બ્રહ્માંડ છે તેને વિષે જ્યાં જેને જેમ દર્શન દેવું ઘટે ત્યાં તેને તેમ દર્શન દે છે અને જે સાથે બોલવું ઘટે તે સાથે બોલે છે અને જેનો સ્પર્શ કરવો ઘટે તેનો સ્પર્શ કરે છે..."

એકવખત શ્રીજીમહારાજ બપોરના સમયે થાળ જમીને અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર તકીયાનું ઓઠીંગણ કરીને બિરાજમાન હતા. પોતાની આગળ સંતો-હરિભક્તો બેઠા હતા ને મહારાજ વાતો કરતા હતા. ત્યાં રઘુવીરજી મહારાજ આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "રાઘવ ! તમે જમ્યા ?" ત્યારે રઘુવીરજી મહારાજ કહે : "હા મહારાજ, હું જમ્યો." આમ થોડી વાતો કરી એટલે લાખાભક્તે સૌને કહ્યું : "હવે બધા ઉઠો, મહારાજને પોઢવાનો સમય થયો છે." સૌ ઊઠીને ચાલવા લાગ્યા એટલે મહારાજે રઘુવીરજી મહારાજને કહ્યું : "રાઘવ ! તમે બેસી રહેજો." અને લાખા ભક્તને કહ્યું : "લાખા ! તું બહાર જા." એટલે લાખાભક્ત પણ બહાર ગયા. પછી મહારાજ રઘુવીરજી મહારાજ સાથે વાતો કરવા લાગ્યા ને પરસ્પર હસવા લાગ્યા. આમ થોડીવાર હાસ્યવિનોદ કર્યો. પછી રઘુવીરજી મહારાજના પગ દાબવા લાગ્યા. થોડીવાર પછી મહારાજે લાખાભક્તને અંદર બોલાવ્યા ને કહ્યું : "તકીયો લઈ લ્યો." એટલે લાખાભક્તે તકીયો લઈ લીધો ને ઓશીકું મૂક્યું. તે ઓશીકા ઉપર મહારાજ મસ્તક રાખીને પોઢ્યા ને ચરણારવિંદ ઉઘાડાં રાખ્યાં તેથી આથમણી તરફના ઉઘાડા બારણામાંથી દર્શન થાય. તે વખતે તે

બારમાં સારંગપુરના પૂંજાભગત આવ્યા ને તેણે મહારાજના ચરણારવિંદ સામું જોયું ને સંકલ્પ કર્યો કે, "મહારાજના ચરણારવિંદમાં ચિહ્ન અને ઉર્ધ્વરેખા કેવી હશે ?" એમ વિચારી એકીટશે જોઈ રહ્યા હતા. એટલે રઘુવીરજી મહારાજે પૂછ્યું : "શું જુઓ છો ?" ત્યારે કહે : "ગરીબ ઉપર દયા રાખીને કાંઈ બોલશો નહીં." એટલે રઘુવીરજી મહારાજ કાંઈ બોલ્યા નહિ. પૂંજાભક્ત મહારાજના ચરણમાં સોળ ચિહ્નો ઉર્ધ્વરેખા સહિત નીરખી રહ્યા હતા. ત્યાં તો તેમાંથી પૂંજાભક્તને તેજનો સમુહ નીકળતો દેખાણો. બે ઘડી સુધી તેજ દેખાણું ને પાછું ચરણારવિંદમાં સમાઈ ગયું. મહારાજ જાગીને બેઠા થયા ને પૂંજાભક્તને પૂછ્યું : "તને કાંઈ દેખાણું ?" ત્યારે કહે : "મહારાજ ! તમારા ચરણારવિંદમાંથી અપાર તેજ નીકળતું દેખાણું." મહારાજ કહે : "તને કોઈ દિવસ આવું તેજ દેખાય છે ?" ત્યારે કહે : "ના, મહારાજ ! આવું તેજ તો મને કોઈ દિવસ દેખાયું નથી." એટલું કહી બે હાથ જોડીને પૂછ્યું : "હે મહારાજ ! મને એ કહો કે અક્ષરધામને વિષે ભગવાનનું સ્વરૂપ કેવું હશે ?" ત્યારે મહારાજ કહે : "બ્રહ્માના બાપ વૈરાટપુરુષને પણ એ ભગવાનના સ્વરૂપનું દર્શન નથી અને વૈરાટના બાર મહત્તત્વને પણ એ ભગવાનના સ્વરૂપનું દર્શન નથી અને મહત્તત્વના બાપ પ્રધાનપુરુષને અને પ્રધાનપુરુષના બાપ મૂળપુરુષને પણ એ ભગવાનનું દર્શન ક્યારેક થાય ને ક્યારેક ન પણ થાય. ને એ ભગવાનના સ્વરૂપનું દર્શન તો અક્ષરના મુક્તને નિરંતર થાય છે ને એક તને એ ભગવાનનું દર્શન થાય છે." તે સાંભળીને પૂંજાભક્ત અતિ આશ્ચર્ય પામ્યા ને રાજી થયા.

(શ્રીહરિચરિત્રચિંતામણી-૨ : વાત-૩૦૦)

આ વાતને દૃઢતાપૂર્વક સમજાવવા માટે શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૮માં વચનામૃતમાં કહે છે : "...એવા જે એ પ્રત્યક્ષ પુરૂષોત્તમભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરૂષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છેને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે..."

આ વાત દ્વારા સ્પષ્ટ સાબિત થાય છે કે ભગવાન શ્રીહરિ એક પોતાના પ્રત્યક્ષ સ્વરૂપ સિવાય કોઈપણ અવતાર સ્વરૂપનું ધ્યાન કરવાની પોતાના આશ્રિતોને મનાઈ ફરવામી રહ્યા છે. અને આ પૃથ્વી પર જે તેમનું મનુષ્યસ્વરૂપ છે તેજ અક્ષરધામમાં સ્થિત દિવ્ય સ્વરૂપ છે, તે બંને સ્વરૂપમાં એક રોમમાત્રનો ફેર નથી. એ વાતને સ્પષ્ટપણે સમજાવી રહ્યા છે.

ભગવાન શ્રીહરિનું અસાધારણ છઠ્ઠુ લક્ષણ જણાવતા સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે :-

## અસાધારણ લક્ષણ : ૬

'शास्त्रोदितान् हि वृषभक्तिविरागबोधान्
वेदान्तसांख्यमुखशास्त्रमतानि चासौ ।
धार्मिर्निरूपयति सर्वजनैः सुबोध
ग्रन्थाँश्च कारयति तत्प्रतिपादनार्थान् ।।८।।
तत्रैव तेषु च पुरा विहितान्
महस्तद्ववर्णनादपि च तद्विषयप्रबन्धात् ।
आगच्छति त्वतिचमत्कृतिरागमज्ञै -
र्वेद्या हि षष्ठमिदमस्य सुलक्ष्य बोध्यम् ।।९।।'

**અર્થ** : જેઓ પોતાનાં શાસ્ત્રોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, વેદાંત, સાંખ્ય આદિકનું સર્વને સમજાય તેવું નિરૂપણ કરે છે અને જેમના ગ્રંથોમાંથી અગાઉના વિદ્વાનોએ રચેલા ગ્રંથો કરતાં પણ કંઈક નવી ચમત્કૃતિ સર્વને જણાય છે તે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું **છઠું લક્ષણ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અભણને એમ ન લાગે કે અઘરું છે અને વિદ્વાનને એમ ન લાગે કે સાવ સરળ છે તેવા ગ્રંથો રચ્યા છે ને રચાવ્યા છે.

શ્રીજીમહારાજે ઉદ્‌બોધેલા 'વચનામૃત' ગ્રંથને વાંચતા જ નવાબના મોઢામાંથી શબ્દો સરી પડે કે, "क्या झिराफ लिखा है ! इस किताब मैं बोलने वाले तो स्वयं खुदा ही है, लेकिन इस किताब को लिखने वाले भी खुदा हो ऐसा जान पडता है ।"

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ 'વચનામૃત' માંથી મોટા મોટા વેદના પંડિતોને પણ નવું નવું જાણવા મળે છે. શાસ્ત્રોના ગહન રહસ્યોનું સર્વને સમજાય તેવી સરળ ભાષામાં આ વચનામૃતમાં જ્ઞાન અપાયું છે.

વચનામૃતમાં ભગવાન શ્રીહરિએ કેવળ કલ્પિત વાતો કરી નથી, કે નથી વેદાંત, સાંખ્ય, મીમાંસા આદિક ગ્રંથોની તાર્કિક વાતો કરવાનો ડોળ કર્યો, પરંતુ કેવળ પોતાનો અનુભવ જ આ વચનામૃતના માધ્યમથી પોતાના આશ્રિતો સમક્ષ રજૂ કર્યો છે. તેથી 'વચનામૃત' એ શ્રીજીમહારાજની અનુભવની વાણી છે. આ ગ્રંથમાં શબ્દે શબ્દે ભગવાન શ્રીહરિનો અનુભવ પ્રગટ થાય છે.

**ગ. અંત્ય. ૩૯**માં શ્રીજીમહારાજ કહે છે :- "...આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારૂ

નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ...''

**તો ગ. મ. ૧૩માં** મહારાજ આ વાતને સમજાવતા કહે છે :- ''...આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે... ...અને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે...''

**લોયા પ્રકરણના ૧** વચનામૃતમાં શ્રીજીમહારાજ આવી જ રીતે પોતાને સ્વપ્નમાં રાત્રિએ થયેલ વાત કરતા કહે છે :- ''...આજ પાછલી ચાર ઘડી રાત હતી તે સમે સ્વપ્નમાં અમને શિવજીએ દર્શન દીધાં. તે શિવજી મોટો જબરો નંદીશ્વર તે ઉપર બેઠા હતા અને શરીરે બહુ પુષ્ટ હતા ને ચાળીસ વર્ષની અવસ્થા હતી ને મોટી જબરી જટા હતી ને તે શિવજી ભેળે પાર્વતી હતાં, તેણે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને તે શિવજી મોટા સંતની પેઠે શાંતમૂર્તિ હતા. અને મારે ઉપર તો શિવજીને ઘણું હેત જણાયું તોપણ મારે તો શિવ ઉપર હેત ન જણાયું, કેમ જે હું એમ જાણું છું જે, 'શિવ તો તમોગુણના દેવતા છે અને આપણે તો શાંતમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેના ઉપાસક છીએ,' તે માટે રજોગુણી તમોગુણી દેવ એવા જે બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવતા તેમની ઉપર ભાવ બેસે નહિ...''

એવી જ રીતે **ગ. મ. ૧૯માં** વચનામૃતમાં પણ સંપાદક સદ્‌ગુરુ સંતો નોંધ કરતા લખે છે :- ''...સંવત્ ૧૮૭૮ ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસને ઉતારે દિવસ ઊગ્યા સમે પધાર્યા હતા. પછી ત્યાં આવીને ગાદીતકિયા ઉપર ઉદાસ થઈને બેઠા તે કોઈને બોલાવે પણ નહિ અને કોઈ સામું જાુએ પણ નહિ અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તે છૂટીને શિથિલ થઈ ગયો તેને પણ સંભાળે નહિ. એવી રીતે એક ઘડી સુધી અતિશય ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી જળ પડવા લાગ્યાં.

પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, ''અમે શુષ્કજ્ઞાનીનો મત જાણવા સારૂ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું, તે શ્રવણમાત્રે કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો, કેમ જે, જે શુષ્ક વેદાંતશાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૈયામાં સમભાવ આવી જાય છે એટલે અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે અને તે શુષ્ક વેદાંતીના વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે[1]. અને અમે તો કાંઈક[2] પ્રયોજન સારૂ શુષ્ક વેદાંતની વાત સાંભળી હશે તેણે કરીને પણ હવે અમારે શોક ઘણો થાય છે.'' એમ કહીને શ્રીજીમહારાજ સુધા ઉદાસ થઈ ગયા પછી ઘણી વાર સુધી દિલગીર થઈને પછી પોતાને હાથે નેત્રમાંથી જળ લોઈને એમ બોલ્યા જે, ''ભગવદ્‌ગીતા ઉપર જે રામાનુજભાષ્ય છે તેની કથા સાંભળીને અમે આજ રાત્રિએ સૂતા હતા પછી અમને સ્વપ્ન થયું જે, અમે ગોલોકમાં ગયા, ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા. તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે તે તો સ્થિર સરખા જણાયા અને કેટલાક તો પરમેશ્વરના કીર્તન ગાય છે તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદસ્વામીનાં ગાય છે અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય તેમ કીર્તન ગાય ને ડોલે. પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને મળ્યા ને કીર્તન ગાવવા લાગ્યા...''

આવી રીતે વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના અનુભવની વાતો દ્વારા આશ્રિતોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, વેદાંત આદિકનું ગહન નિરૂપણ સરળમાં સરળ ભાષામાં સમજાવ્યું છે. તે જ પૂર્વના આચાર્યોના ગ્રંથો કરતાં કાંઈક વિશેષ ચમત્કૃતિની વાત છે કે, વેદ-વેદાંગના તત્ત્વજ્ઞાનની વાતો, સાંખ્ય-યોગ-પંચરાત્ર આદિક શાસ્ત્રોની ગહન તાત્ત્વિક વાતોને અભણ ગામડિયો પણ સરળતાથી સમજી શકે તેવી અનુભવ પૂર્ણ ભાષામાં સમજાવી છે.

આવા ચમત્કૃતિયુક્ત ગ્રંથની રચના કરવી એજ ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વાવતારીપણાનું છઠ્ઠું લક્ષણ છે.

યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આગળ સાતમું લક્ષણ બતાવે છે :-

## અસાધારણ લક્ષણ : ૭

'आकर्षति ह्यगणितासुभृतां मनांसि
द्रागेष एव निजवीक्षणमात्रतोऽपि ।
लोहानि चुम्बकमणीन्द्रगिरिर्यथेशो
ह्येतस्य सप्तममिदं शुभलक्ष्म वेद्यम् ।।१०।।'

**અર્થ :** લોહચુંબકનો પર્વત જેમ લોઢાને આકર્ષે તેમ અસંખ્ય પ્રાણીઓનાં મનને જે પોતાનાં દર્શનમાત્રથી આકર્ષે છે તે સર્વકારણના કારણ ભગવાન શ્રીહરિનું **સાતમું લક્ષણ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ પ્રકરણના ૧૩માં વચનામૃતમાં બહુ સરસ વાત કરતા કહે છે :- ''...ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જ આવતી હોય પણ એ અતિશય અલૌકિક મૂર્તિ છે. જેમ પૃથ્વીને વિષે સર્વે પથરા છે તેમ ચમકપાણ પણ પથરો છે, પણ ચમકપાણમાં સહેજે એવો ચમત્કાર રહ્યો છે જે, 'ચમકના પર્વતને સમીપે વહાણ જાય ત્યારે તેના ખીલા ચમકના પાણા પાસે તણાઈ જાય છે.'...''

"...તેવી રીતે જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિને વિષે એવો ચમત્કાર જરૂર હોય, તે જે શ્રદ્ધાએ યુક્ત ભગવાનના દર્શન કરે તેની ઈન્દ્રિયો સર્વે ભગવાન સામી તણાઈ જાય અને તત્કાળ સમાધિ થાય. અને કોઈક સમયમાં ભગવાનને ઘણાક જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે તો અભક્ત જીવ હોય અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે, તો ભગવાનના ભક્તને થાય એમાં શું આશ્ચર્ય છે ?..."

આજ વાતને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં કહી છે :- "અવતાર માત્રમાં ચમત્કાર તો ચમકપણા જેવો છે. તેમાં કેટલાક મણ જેવા છે; ને કેટલાક તો દશ મણ જેવાં છે; ને કેટલાક તો સો મણ જેવા છે; ને કેટલાક તો લાખ મણ જેવા છે. તેમાં જે મણ ચમક હોય તે આ મંદિરનું લોઢું હોય તેને તાણે; ને દશ મણ ચમક હોય તે તો આખા શહેરનાં લોઢાને તાણે; ને સો મણ ચમક હોય તો આખા દેશનાં લોઢાને તાણે, ને લાખ મણ ચમક[1] હોય તો આખા પરગણાનાં[2] લોઢાને તાણે, ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે; નહિ તો બધું બ્રહ્માંડ કેમ તણાઈ જાય ? એમ વાત કરીને બોલ્યા : જે પૂર્વના અવતારમાં જેવું ઐશ્વર્ય છે, તેમાં તેટલા જીવ તણાણા છે ને આજ તો સર્વે અવતારના અવતારી સર્વ કારણના કારણ એવા જે પુરુષોત્તમ તે જ પધાર્યા છે; તેને જોઈને તો અનંત ધામના પતિ ને તે તે ધામના મુક્ત તે પોતાની મૂર્તિને વિષે તણાઈ ગયા ! જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ." (સ્વામીની વાતો : ૨/૪)

શ્રીજીમહારાજની સલુણી મૂર્તિનું આકર્ષણ જ એવું અદ્‌ભુત હતું કે, મોટા મોટા કવિઓ, વિદ્વાનો, મઠધારીઓ, ગરાસદારો તથા બુદ્ધિશાળી વ્યક્તિઓ ભગવાન શ્રીહરિની મૂર્તિમાં ખેંચાઈ જતા. એટલું જ નહિ, કેટલાક તો પરમહંસ દીક્ષા લઈ શ્રીજીમહારાજ પાસે રહી ગયેલા.

ધ્રાંગધ્રાના રાજકવિ અને તાલુકેદાર ગજો ગઢવી મેમકામાં કેવળ શ્રીજીમહારાજની ચાલ જોઈ પોતાના માથે રહેલું રાજમંડિલ ઉતારીને ભગવી ટોપી ધારણ કરી 'પૂર્ણાનંદ સ્વામી' બની ગયા.

સેંકડો શિષ્યોના ગુરુપદને શોભવનારા અયોધ્યાના મઠધારી રામગલોલા યાત્રામાં જતાં વચ્ચે જ ભગવાન શ્રીહરિના દર્શન થયા ને પોતાના તમામ શિષ્યો તથા મઠનો ત્યાગ કરીને શ્રીજીમહારાજ પાસે 'આનંદાનંદ સ્વામી' બનીને રહેલા.

અત્યંત બુદ્ધિશાળી, મોટા મોટા વિદ્વાનોની બુદ્ધિને પણ ચકરાવે ચડાવી દે તેવા તીવ્ર મેધાવી કવિ લાડુદાન બારોટને પણ શ્રીજીમહારાજના દર્શનથી અવી ચોટ લાગી તે 'બ્રહ્માનંદ સ્વામી' બની ગયા.

ઊંઝામાં શ્રીજીમહારાજની દંતપંક્તિ જોઈ બૃહસ્પતિસમાન બુદ્ધિ પ્રતિભા ધરાવનાર દિનમણિ શર્માને એવી મોહની લાગી ગઈ કે, 'ન હોય આવા મનુષ્યના દાંત, આ તો ખુદ ભગવાન છે.' તે પછી મેઘપુર સુધી ભગવાન શ્રીહરિની પાછળ પાછળ દોડતા પહોંચ્યાને દીક્ષા લઈ 'નિત્યાનંદ સ્વામી' બન્યા.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે :-

**'જોઈ છેલ છબીલાની ચાલ રે, મન મારું લોભાણું;**
**વળી ભૂરકી નાખી છે નંદલાલ રે, મન મારુ લોભાણું...'**

તો... બીજા એક કાવ્યપંક્તિમાં સ્વામી કહે :-

**'વાલા મારી સૂધ બુધ તે હરી લીધી રે,**
**તારે લટકે વેરાગણ કીધી...વાલા મારી.૦'**

અરે ! શ્રીજીમહારાજની મૂંછને જોતા પણ સ્વામીનું ચિત્ત ચોરાઈ જતું હતું. તેથી જ તેઓ લખે છે :-

**'રૂડી તારી મૂછની રેખા ઉપડતી રે,**
**ચિત્ત ચોર્યું ચાલું લડથડતી...રૂડી તારી.૦'**

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**'ચિત્તડામાં ચોટી રે, છબી બાઈ છેલની રે લોલ,**
**મનમાં મારી ગયો મુને બાણ;**
**ઘાયલ થઈ છું રે બાઈ હું તો ઘટમાં રે લોલ,**
**પરવશ પડિયાં છે મારા પ્રાણ રે...ચિત્તડા.૦'**

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :-

**'નયન શર તીખે હે નાથ તિહારે,**
**જીન જીનકું લગી ચોટ નયનકી,**
**લોટ પોટ કર ડારે...નયન૦૧**
**ચોટ લગી સનકાદિક નારદ,**
**હો રહે જગસેં ન્યારે...નયન૦૨**
**દેખન મેં તો કોમલસેં કોમલ,**
**ભેદત અંતર ભારે...નયન૦૩**
**મુક્તાનંદ કહે કહા કહું મુખસે,**
**જાનત જાનન હારે...નયન૦૪'**

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી કહે છે :-

**'અંખિયામેં જાદુ ભારી ગિરધારી રાજ,**
**કર કર ટોના શ્યામરે સલોના,**
**રસબસ કીની સકલ વ્રજનારી રાજ... અંખિયા૦**
**શ્રી ઘનશ્યામકી દ્રગન છટા પર,**
**પુલકી પ્રેમાનંદ જાત બલહારી રાજ...અંખિયા૦'**

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણની મનોહર મૂર્તિના કામણ એવા તો અજબ-ગજબના હતા કે સેંકડો સંતકવિઓ રાત્રિદિવસ તેમની મૂર્તિને સંભારીને કીર્તનો ગાતા થાકતા ન હતા.

એકવાર શ્રીજીમહારાજ બરવાળામાં ઉતાવળી નદીમાં ઘોડીને પાણી પાવા ઊભા રહ્યા હતા. તે વખતે વશરામ લુવાણાની સ્ત્રી રાધા તથા ડાહ્યાભાઈ સુથારની માતા નદીમાં પાણી ભરવા આવેલી હતી.

તેમણે ભગવાન શ્રીહરિના દર્શન કર્યા ને તેમની વૃત્તિ મહારાજની રળિયામણી પાઘ, અણિયાળી આંખડી, નમણી નાસિકા અને મધુર હાસભર્યું મુખારવિંદ જોઈને તે બાઈઓની ચિત્તવૃત્તિ શ્રીજીમહારાજના સ્વરૂપમાં ચોટી ગઈ. ભગવાન શ્રીહરિ તો ઘોડીને પાણી પાઈ ગઢડે જવા નીકળ્યા. મહારાજ પાછળ બંને બાઈઓ પણ બેડા ભૂલી ચાલવા માંડી ને છેક ગઢડા પહોંચી ગઈ.

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિમાંથી અમૃત ઝરતું કે તેમના ચુંબકીય આકર્ષણથી કોઈપણ બચી શકતું નહિ.

શ્રીજીમહારાજના સમયની ગદ્ય કે પદ્ય રચનાઓ આ વાતની સાબિતી છે. નાના-મોટા કવિઓ કે લેખકો જે કોઈએ ભગવાન શ્રીહરિને આલેખ્યા છે તે સૌએ શ્રીજીમહારાજના ચુંબકીય આકર્ષણને અવશ્ય નિરૂપ્યું છે.

શ્રીજીમહારાજ બહારગામથી દાદાખાચરના દરબારમાં પધાર્યા. દરબારમાં આવી ચોક વચ્ચે માણકી ઘોડીને ઊભી રાખી છલાંગ મારી ભગવાન શ્રીહરિ ઘોડીથી નીચે ઉતર્યા અનો ઘોડીની પીઠ થાબડી કેશવાળી પર હાથ ફેરવી ઘોડી ભગુજીને સોંપીને કહ્યું : ‘‘ભગુજી ! ઘોડીને પાવરો ચડાવજો.’’ આટલું કહીને ભગવાન શ્રીહરિ ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયો ઢળાવી બિરાજ્યા. એક શ્રીમાળી બ્રાહ્મણોનું વૃંદ શ્રીજીમહારાજના દર્શન માટે પ્રતીક્ષા કરી રહ્યું હતું. તે ભૂદેવોની નાતમાં આઠ વર્ષનો બાળક પણ સાથે આવેલો. એણે પણ માણકીએથી ઉતરી હાથ લાંબો કરી **‘ભગુજી ! ઘોડીને પાવરો ચડાવજો’** કહેતાં ભગવાન શ્રી સ્વામિનારાયણને દૂર દૂર ઊભા ઊભા નિહાળેલા.

આ સાદી વાતને, આ સાદા વાક્યને એ સલૂણી છબી એ કૂમળા બાળકના માનસપટ પર અમીટ રીતે અંકિત થઈ ગઈ. એ બાળક ૭૦ વર્ષની અંતઅવસ્થાએ પહોંચ્યો ત્યારે બોલેલો કે, ‘ભગવાન શ્રી સ્વામિનારાયણનું એ વાક્ય ને એ લટકું મારા અંતઃકરણમાં એવાં તો સજ્જડ ચોંટી ગયા છે કે એ લટકું હજી પણ મને વીસરાયું નથી.’

એ બાળક હતો **ગુજરાતનો મહાન કવીશ્વર શ્રી દલપતરામ !!** તેમને શ્રીજીમહારાજના આ પહેલાં ને છેલ્લાં દર્શન હતાં. પરંતુ એ દર્શન સિત્તેર-સિત્તેર વર્ષની વિધવિધવર્ણી જીવનલીલા પછી પણ તેવા જ તાદૃશ રહ્યાં હતાં ! ૭૦-૭૦ વર્ષના સંસારના તડકાં-છાંયાં પણ આકર્ષણના એ અક્ષરોને ભૂંસી ન શક્યાં તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની રમણીય, કમનીય મૂર્તિના કામણ કેવા હશે તે સહેજે પરખાય છે.

સાચેજ ભગવાન શ્રીહરિની મૂર્તિના જાદુ અનોખા હતા. પોતે જ્યાં પધારે ત્યાં મધકટોરે માખીઓ ડૂબે તેમ સહુ કોઈ તેમના રૂપમાં હોમાઈ જતા હતાં.

એકસમયે ધરમપુર-વાંસદાના દીવાનની પત્નીને મનમાં થયું કે, ‘‘આ શ્રીજીમહારાજ ‘ભગવાન’ કહેવાય છે, પણ ભગવાન હશે તો તેને જમતાં આવડશે.’’ એમ કહી પોતાના નિવાસે મહારાજને જમવાનું નોતરું આપ્યું. તે બાઈ પણ જમવામાં ચતુર હતી. તેથી તેણે પીરસવામાં યુક્તિ કરી. પરંતુ મહારાજ જમવા બિરાજ્યા ત્યારે જમે પણ હાથ બગડવા દે નહિ. અને શાક વગેરે વારાફરતી જમ્યા પણ હાથે ડાઘ પડવા દીધો નહીં. આ જોઈ તે બાઈને મહારાજને વિષે આકર્ષણ થયું અને મનમાં ખોટો સંકલ્પ થયો - તે મલિન આશય જાણી મહારાજે જમેલા અન્નની ઊલટી કરીને અન્ન બધું કાઢી નાંખ્યું અને ત્યાંથી ચાલી નીકળ્યાં.

આ પ્રસંગ પછી થોડા દિવસે શ્રીજીમહારાજ અમદાવાદ પધારેલા. સાંખ્યયોગી બાઈઓએ રસોઈ આપેલી પણ રસોઈ ખૂટશે તેમ લાગતા સૌ મહારાજ પાસે આવ્યા અને વધુ રાંધવા અનુમતિ માંગી. ત્યારે મહારાજે કહ્યું : ‘‘છે એટલી રસોઈ પણ વધી પડશે. નવી રાંધવાની જરૂર નથી.’’ આમ કહી પંક્તિમાં પીરસવા પધાર્યા. એ સમયે સૌના ચિત્તની વૃત્તિ ભગવાન શ્રીહરિની મૂર્તિમાં એ રીતે ખેંચાઈ ગઈ કે મહારાજે એકવાર પીરસેલું હતું તે પણ જમીન શકાયું. તે પંક્તિમાં પેલા દીવાનની પત્ની પણ બેઠી હતી. તે પણ શ્રીજીમહારાજની આ મૂર્તિ જોઈ તેમાં તદ્‌રૂપ થઈ ગઈ અને મનમાં જાગેલો ભૂંડો ઘાટ ટળી ગયો.

આ હતી ભગવાન શ્રી સ્વામિનારાયણની રૂપ-સ્વરૂપની દિવ્યતા!

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આ લીલા નિહાળીને તુરંત જ એક કીર્તન રચ્યું જે સંપ્રદાયમાં પ્રસિદ્ધ પણ છે કે, **‘તેરી સાંવરી સૂરત છટાદાર, મન હરે, પ્રાણ હરે...’**

અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આઠમું લક્ષણ બતાવતાં આગળ કહે છે :-

## અસાધારણ લક્ષણ : ૮

‘आत्यन्तिकी भवति मुक्तिरिहासुभाजां सौख्यं तथा बहु निजाश्रयमात्रतोऽपि ।
एवं महिः परिवृतो निजपार्षदौघैर्दिव्ये स्थितोऽयमुरुतेजसि सद्विमाने ।।११।।
प्राणप्रयाणसमये स्वसमाश्रितानां जाते स्वयं निजवराक्षरधाम भक्तान् ।
तान्नेतुमाव्रजति चैतदमुष्य भद्रं लक्ष्म स्फुटं रुचिरमष्टममेव बोध्यम् ।।१२।।’

**અર્થ :** પોતાના આશ્રયમાત્રથી ભક્તોને મુક્તિ અને સુખ આપનારા ભગવાન શ્રીહરિ, ભક્તોના અંતકાળે, તેમને અક્ષરધામમાં લઈ જવા માટે દિવ્યવિમાનમાં તેડવા પધારે છે એ

તેઓનું **આઠમું લક્ષણ** છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણી' ગ્રંથમાં શ્રીજીમહારાજના શ્રીમુખના વચનોને નોંધતા લખે છે :-

**'મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું; બિરુદ મારું બદલે નહિ, એમ સર્વે જનને જણાવવું.'**

પોતાના આ વચનને પાળતા ભગવાન શ્રીહરિ પોતાના અનેકાનેક ભક્તોને અંતકાળે અક્ષરધામમાં તેડવા પધારે છે અને સૌને દર્શન પણ આપે છે.

બરવાળા ગામમાં એક સ્ત્રીએ ત્રણ-ત્રણ આના દાડી લઈને મંદિરમાં ગાર કરી હતી. તેણે જ્યારે દેહ મૂક્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે તે સ્ત્રી કહે : ''સ્વામિનારાયણ! તમે કેવા ?'' ત્યારે મહારાજ કહે : ''તે મારું મંદિર લીંપ્યું છે, માટે અમે આવ્યા છીએ.'' ત્યારે તે સ્ત્રી કહે : ''પણ મેં તો ત્રણ આના દાડી લઈને ગાર કરી હતી.'' એટલે મહારાજ કહે : ''છ-છ આના કેમ લીધા નહીં, તે અમારા મંદિરમાં ગાર કરી છે. માટે ચાલ અમારા અક્ષરધામમાં.'' એમ કહીને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. (શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર : વાત-૭૦)

❖ ❖ ❖ ❖ ❖

ખોખરી ગામમાં કરશન બાંભણીયા કરીને હરિભક્ત હતા. તેણે શેરડીના બે સાંઠા પડછા સહિત લાવીને મહારાજને આપ્યા. પછી તેણે મૂક્યો ત્યારે મહારાજ માણકી ઘોડીએ ચડીને હાથમાં શેરડીના બે પડછાં સોતા સાંઠા લઈને તેડવા પધાર્યા. મહારાજ કહે : ''કરશન! થા તૈયાર અને જો આ તારા સાંઠા.'' આમ કહીને તેને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા.

❖ ❖ ❖ ❖ ❖

ગઢપુરથી શ્રીજીમહારાજ સખાઓને સાથે લઈને વડતાલ જતા હતા. ઘોડે બેસીને ચાલતાં ચાલતાં ભાલ દેશમાં સોઢીનું રણ આવ્યું. પછી શ્રીજીમહારાજે સોઢી નામનાં ગામની ભાગોળે જઈને સ્નાન કરવાના સંકલ્પથી બાવળનું દાતણ માગ્યું ત્યારે સુરાખાચર કહે, હે મહારાજ આ ખારો પાટ છે માટે ઝાડ બધાં બળી ગયાં છે માટે કહો તો ઝીલડાનું અથવા કેરડાનું દાતણ લાવી આપું. લોક તમામ તે ઝાડોનું દાતણ કરે છે માટે તેનું દાતણ આ ગામમાં મળશે પણ બાવળનું દાતણ મળશે નહિ. એવું સુરાખાચરનું વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે મારે તો બાવળનું દાતણ કરવું છે માટે તમો મારો વિશ્વાસ રાખીને ગામમાં ગોતવા જાઓ. એમ શ્રીજીના કહેવાથી સુરાખાચર આખા ગામમાં દાતણ માટે ફર્યા પણ દાતણ મળ્યું નહિ. પછી કાઠીને જોઈને એક બીબડી બોલી કે બાવળનું દાતણ કરનાર નહિ લાજતો હોય લગાર. એમ બીબડી બોલી ત્યારે સુરાખાચર કહે ગામની ભાગોળે અલ્લા આવેલા છે તે અલ્લાને બાવળનું દાતણ જોઈએ છીએ માટે ગોતવા આવેલો છું. ત્યારે બીબડી બોલી કે અલ્લાને માટે જોઈતું હોય તો આવો, મારે હાથે મારા વાડામાંથી બાવળનું દાતણ કાપી આપું, કારણ કે અલ્લા માટે બે બાવળની સોટી ઉછેરી છે. પછી પોતાને હાથે બાવળની સોટી કાપીને સુરાખાચરને આપી. પછી હરખાતી તે બીબડી બોલી કે ભાગોળે અલ્લા આવ્યા હોય તો અંતકાળે અલ્લા મને બાવળની સોટી લઈને તેડવા આવે તેમ કહેજો. પછી સુરાખાચરે કહ્યું કે અલ્લાને કહીશ. એમ કહીને સુરાખાચર શ્રીજીમહારાજ પાસે આવ્યા ને દાતણ આપી ને બધી વાત કરી. પછી શ્રીજીએ ત્યાં દાતણ કર્યું. પછી ધીમે ધીમે શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા. પછી તે બીબડીનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ હાથમાં બાવળની સોટી લઈને તે બીબડીને ઘેર ગયા ને કહ્યું કે મારા ધામમાં ચાલો તમોએ મને બાવળનું દાતણ આપ્યું હતું તેથી તમારી ઉપર પ્રસન્ન થઈને તેડવા આવ્યો છું માટે તમારા સંબંધીની રજા માગીને ચાલો. પછી બીબડી પોતાના સગાની રજા લઈ વિમાનમાં બેસીને શ્રીજીમહારાજ સંગાથે અક્ષરધામમાં જતી હતી.

(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર : વાત-૭૧)

❖ ❖ ❖ ❖ ❖

ગઢપુરમાં ઈચ્છારામભાઈ માંદા થયા હતા તેમને જોવા ગઢડામાં રહેતા નાગર પંચોળી વૈદ્યને બોલાવ્યા. તેમણે નાડી જોઈને કહ્યું જે ઈચ્છારામભાઈને રેચ આપવો પડશે. માટે એક હરડે મંગાવો. પછી લાધા ઠક્કર હરડે લેવા બજારમાં ગયા. લાધા ઠક્કરે જેરાજ સેલોત શેઠની દુકાનેથી બાર આના આપીને એક હરડે લીધી તે હરડે ઈચ્છારામભાઈના કામમાં આવી તેથી શ્રીજીમહારાજ તે જૈન વાણીયા જેરાજ સેલોતને તેડવા અંતકાળે હરડે લઈને આવ્યા. ત્યારે જેરાજ સેલોત બોલ્યા કે હું તમારો ભક્ત નથી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે તમોએ મારા ભાઈ ઈચ્છારામભાઈને માટે હરડે આપી હતી તેથી તેડવા આવ્યો છું ત્યારે તે જેરાજ સેલોત કહે પૈસા લઈને આપી હતી. ત્યારે શ્રીજીમહારાજ કહે બાર આનાને બદલે રૂપિયો લીધો હોત તોપણ આપત પણ તે હરડે અમારા કામમાં આવી માટે તમને ધામમાં તેડી જવા આવ્યો છું માટે ચાલો, એમ કહીને હાથમાં હરડ દેખાડીને શ્રીજીમહારાજ જેરાજ સેલોત જૈન વાણીયાને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા.

(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર : વાત-૭૭)

અગાઉ ક્યાંય અને ક્યારેય ન દીઠું હોય એવું સર્વાવતારી શ્રીજીમહારાજનું આ આઠમું અસાધારણ લક્ષણ છે.

**(ક્રમશઃ)**

હાલના કલિકાળના વિષમ વાતાવરણમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા તેમના સ્થાને બિરાજતા સદ્ધર્મરક્ષક પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો આશ્રય સહિત સંત-સમાગમથી મોક્ષમાર્ગની શ્રેષ્ઠ સમજણ પ્રાપ્તિ કરી



# યૌવનને ભયંકર વન નહિ, પણ મોક્ષનું શ્રેષ્ઠ સુખકર ધન બનાવો

- પાર્ષદ સર્વમંગલ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી

**'સંયમ દ્વારા સાચવી જાણે, અને સેવા દ્વારા વાપરી જાણે; એ યુવાનોની યુવાની આગળ, દેવોનું દેવત્વ પણ ઝાંખુ પડે.'**

વર્તમાન સમયમાં મોટે ભાગે યુવાનોની **શારીરિક શક્તિ** કેવળ તુચ્છ બિનજરૂરી મારામારીઓમાં કે જુથવાદ દ્વારા પ્રગટ થાય છે.

ધંધાદારી યુવાનોની **માનસિક શક્તિ**નું દર્શન 'કેવી રીતે રૂપિયાવાળા થવાય, ક્યાંથી પૈસા લાવવા, બીજાનું જે થવું હોય તે થાય - હું કેમ સુખી થાવ અને વગર મહેનતે વધારે રૂપિયા કેવી રીતે મેળવવા' તેમાં જ મોટા ભાગે થાય છે.

વિદ્યાર્થી યુવાનોની **માનસિક શક્તિનું દર્શન** 'પરીક્ષામાં કેટકેટલી રીતે કોપી કરી શકાય, પ્રશ્નપત્ર ક્યાંથી ને કેવી રીતે મળી શકે, ઉત્તરવાહીઓ કોની પાસે ગઈ છે, તેની પાસે કોના દ્વારા અને કેવી રીતે પહોંચવુ તેમજ વિના મહેનતે વધારે સારા ગુણાંક શી રીતે મેળવવા' તેમાં થાય છે.

શિક્ષકના કે મા-બાપના, આડોશી-પાડોશીના કે પરિચિતોના મજાકભર્યા નામ પાડી તેમને ખીજવવામાં તેમનામાં રહેલી **વિવેકબુદ્ધિ**નું દર્શન થાય છે. ટ્રેન, બસ જેવા વાહનોમાં અન્યને ધક્કા મારી ચઢી જવામાં કે દાદાગીરી કરીને બેસવાની જગ્યા મેળવવામાં તેમની **વિનયશક્તિ**નું દર્શન થાય છે.

બજારું ખાણી-પીણીની લારીઓમાં કે હોટલોમાં ઊભા રહી પાંઉંવડા, દાબેલી કે પાણીપુરી, ચાયનીઝ વાનગી ખાવાની અને પાનને ગલ્લે મોઢામાં પાન નાખી સીગારેટના ધૂમાડા ફુંકતા રહી, આવન-જાવન કરતી યુવતીઓને **અભદ્ર** નજરે જોઈ રહેવાની તેમની **અશિષ્ટ** ટીકા-ટીપ્પણી કરવાની કે બિભત્સ મશ્કરીઓ કરવાની એમને આદત પડતી જાય છે. આજનો યુવાન કાં તો ટી.વી.ના ડબલા સામે કલાકો ગાળશે, કાં તો ગામ-ગપોટા મારશે કે પછી સિનેમાગૃહો કે હોટલોની મુલાકાતો લઈ **સમય પસાર** કરશે.

**'ધિક્કાર હે વો યુવાપન કો, જો ભૂલ ગયે અપને રાહ કો;**
**ભૂલ ગયે અપની ખુમારી કો, કિ કોન દેશ કે હમ બાલ બને હૈ.'**

સાચા **સંસ્કાર નીતિ**ના રસ્તે ચાલવાની તૈયારી, વડીલોને તથા ગુરુજનોને માન આપવાનો વિવેક, પરિવારજનો કે પાડોશીને મદદરૂપ થવાની તૈયારી, સારા વાંચનનો શોખ, મંદિરોમાં જઈ ભગવત્ દર્શન કરવા, સત્સંગ-કથાપારાયણોમાં બેસી શ્રીમદ્ સત્સંગિજીવન, વચનામૃત, શિક્ષાપત્રી કે શ્રીમદ્

ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત આદિક શાસ્ત્રોમાં આવતા **સંસ્કારો**ને જીવનમાં **અપનાવવાની તૈયારી** સમાજના કેટલા **યુવક-યુવતીઓ**ને હોય છે ?

આવો પ્રશ્ન આજના યુગમાં આપણી આસપાસ હરાયા ઢોરની જેમ ફરતા યુવાનો-યુવતીઓને જોઈને સહજ રીતે થાય એવું આજનું **વાતાવરણ** છે. અત્યારે વિજ્ઞાનયુગ કે વિચારયુગ નથી ચાલી રહ્યો. પરંતુ વિકારયુગ, વિલાસયુગ અને વાસનાયુગ ચાલી રહ્યો હોય તેવા આજના યુવાનોના **જીવન** બની ગયા છે. બજારમાં તો શું, પરંતુ ઓફિસોમાં અને કોલ સેન્ટરોમાં કે શાકમાર્કેટોમાં અને કાપડ માર્કેટમાં કે કોલેજોમાં અને સ્કુલોમાં પણ **વાસનાના નગ્ન નૃત્યો** ચાલી રહ્યા છે. આ સ્થિતિમાં તંગ અને ઉદ્‌ભટ વસ્ત્રો પહેરીને આજના યુવાન-યુવતીઓ બની-ઠનીને બહાર ફરતા રહેવાનો **જુગાર** ખેલી રહ્યા છે. આમાં કેમ રહી શકશે **આજના યુવાનોના સંસ્કારો ?**

કાળ બહુ **વિષમ** છે. વાતાવરણમાં પ્રચૂર **વિલાસિતા** છે. શું સાપ્તાહિકો કે શું મેગેઝીનો, શું વર્તમાનપત્રો કે શું ચોપાનિયાઓ, કે શું માસિકો - સર્વત્ર જાણે કે વાસનાને બહેલાવે એવા નિમિત્તોની જ **બોલબાલા** છે. અધુરામાં પુરું ટી.વી. ચેનલો, ઈન્ટરનેટ, મોબાઈલ વગેરેએ વાસનાની આગને **પ્રજ્જવલિત** કરવા માટે જાણે કે **પેટ્રોલ પંપો** ખોલી દીધા છે.

વિજ્ઞાને આ જગતના ચરણે **બે પ્રકારના સાધનો**ની ભેટ ધરી છે. સમયને **બચાવનારા** સાધનોની અને સમયને **પસાર કરવાના** સાધનોની. હીટર-ગીઝર, કુકર-ઘરઘંટી, વોશિંગ મશીન વગેરે સાધનો જો સમય બચાવી રહ્યા છે તો ટી.વી. ઈન્ટરનેટ, મોબાઈલ વગેરે સાધનોના માધ્યમે માણસ સમય **પસાર** પણ વ્યર્થ રીતે કરી રહ્યો છે.

આમાં **ખરી મુશ્કેલી** એ સર્જાય છે કે, સમયને બચાવનારા સાધનો ઘરમાં વસાવીને માણસે સમય તો ખૂબ બચાવી લીધો છે. પરંતુ બચેલા એ સમયને ટી.વી. ઈન્ટરનેટ કે મોબાઈલના ચરણે મૂકી દઈને **માણસ** અને એમાંય ખાસ કરીને યુવાપેઢી **શેતાન બનવાના માર્ગ** તરફ આગળ ધપી રહી છે.

**'ટી-શર્ટ જીન્સ ઉરતે લાજ કોણ કાટે,**
**ભાષણ આ મર્યાદાના બસ ઓલ્ડ** (Old) **થઈ રહ્યા છે.**
**કોને હવે ફિકર છે દુનિયાના રીવાજોની,**
**બ્યુટીફૂલોની પાછળ સૌ બોલ્ડ** (Bold) **થઈ રહ્યા છે.**
**ચેનલના આ ચરિત્રો પરિવાર સાથે જુએ,**
**લાગે છે લોહિ સહુના કોલ્ડ** (Cold) **થઈ રહ્યા છે.'**

હે યુવાન ! હું તને જ પૂછું છું :

"ટી.વી.માં તું શું જોઈ રહ્યો છે ? ઈન્ટરનેટ પર બેસીને તું શું કરી રહ્યો છે ? વેબસાઈટો તું ક્યા વિષયની ખોલી રહ્યો છે ? અંતઃકરણની સાક્ષીએ તું કહી શકે તેમ છે ખરો કે **આ બધાયના ઉપયોગ દ્વારા** તે તારી જાણકારીને સમ્યક જ બનાવી છે ? તારા મનની નિર્દોષતામાં વધારો જ કર્યો છે ? અંતઃકરણને પવિત્ર રાખવાની દિશામાં તું આગળ જ ધપી રહ્યો છે ?"

હું ખાતરી સાથે કહું છું કે, આ **તમામ પ્રશ્નો**નો તારો જવાબ **'ના'**માં તો હશે જ પણ તારો જવાબ આ પણ હશે કે, આ બધા સાધનોના માધ્યમે 'મારા બોધને મેં **મલિન** જ બનાવ્યો છે, મારા મનને મેં કલુષિત જ બનાવ્યું છે, મારા અંતઃકરણની **પવિત્રતાને** મેં **ઠેબે** જ ચડાવી દીધી છે.'

ગાડીના સ્ટેરીંગ વ્હીલ પર દારુડીયાને બેસવા દેવામાં નથી આવતો. ગેસના ચુલા પાસે નાના બાળકને જવા દેવામાં નથી આવતો. નાના બાળકના હાથમાં **છરી** આપી દેવામાં નથી આવતી. અરે ! લબાડ દીકરાના હાથમાં બાપ **સંપતિ** નથી આપી દેતો. પરંતુ **ઈન્ટરનેટ પર બેસવા માટે** કે **ચેનલો જોવા માટે** કોઈનાય પર કોઈજ **પ્રતિબંધ** નથી.

ભૂંડને જેમ વિષ્ટાનું આકર્ષણ હોય છે, માખીને જેમ ગંદવાડનું આકર્ષણ વધુ હોય છે તેમ અત્યારના યુવાનો-યુવતીઓને વ્યસન-ફેશનનું અશ્લીલતાનું અને વાસનાનું આકર્ષણ વધુ હોય છે. તેમ છતાં સંખ્યાબદ્ધ મા-બાપો આજે એવા છે કે, જેઓએ પોતાના સંતાનોના **જીવન**ની અને તેમના **સંસ્કારો**ની **ચિંતા** કરવાનુંય છોડી દીધું છે.

દીકરો કોલેજમાં જાય છે કે કલબમાં જાય છે ? દૂધ પીએ છે કે દારુ ઢીંચે છે ? ક્રિકેટ રમે છે કે જુગાર રમે છે ? દીકરી મંદિરે જાય કે છોકરાઓ સાથે ભટકી રહી છે ? ઈન્ટરનેટ પર એ **સમાચારો** સાંભળી રહી છે કે **અશ્લીલ હરકતો** નિહાળી રહી છે ? આમાંથી એક પણ પ્રકારની ચિંતા એ મા-બાપો પોતાના દીકરા-દીકરીની કરતા નથી તો વ્યભિચારના કે વ્યસોનોના રવાડે ચડી જઈને દીકરા-દીકરીઓ પોતાના **જીવન**ને **બરબાદ** તો નહિ કરી નાખેને ? એવી શંકાય તેઓ કરતા નથી.

ઉપવનની **માવજત** કરવાનું માળી છોડી દે પછી એ **ઉપવન** પણ જો કોઈપણ પળે **જંગલમાં રૂપાંતરિત** થઈ જાય છે તો સંતોનાની ચિંતા કરવાનું જે મા-બાપો છોડી દે પછી કોઈપણ પળે એ સંતાનોમાં **જંગલી વૃત્તિ** બની જવાની **શક્યતા** ઊભી થઈ જાય છે.

થોડા સમય પહેલાના સમાચાર સાંભળેલા કે, ગુજરાતની પવિત્ર ધરા પર જન્મેલી ૪૦ ટકા યુવતીઓ કેમ્પસમાં જ મજેથી સિગારેટ પી રહી છે. ૩૫ ટકા યુવાનો-યુવતીઓ સાથે બેસીને દારુ પીવામાં કોઈ છોછ રાખતા નથી.

**'આશામય યૌવનના પુષ્પો, અણધાર્યા મૂરઝાતા જોયા;**
**નિષ્ઠા કેરું નામ મળે ના, ઘડી ઘડીમાં ચળતા જોયા.**
**બળની તો શું વાત કરું હું, હાડપીંજરને મેં જીવતા જોયા;**
**તેજ નથી નિસ્તેજ બનેલા, માનવકેરા મડદા જોયા.**

**સિંહ સૂતને બકરા રૂપે, જ્યારે બેં બેં કરતા જોયા;**
**ત્યારે સત્ય હકીકત કહું છું, ઈશ્વરને મેં રડતા જોયા.'**

એક તરફ **મર્યાદાઓ** તુટી રહી છે તો બીજી તરફ **પ્રલોભનોનો રાફડો** ફાટ્યો છે. વૃદ્ધોને અને પ્રૌઢોને ય બચવું જ્યાં **મુશ્કેલ** બની રહ્યું છે ત્યાં યુવાનોની તો વાત જ શી કરવી ? માટે **સાવધાન !!**

**'આવડે મહેકાવતાં તો જિંદગી ગુલજાર છે,**
**ઓળખો તો રોશની ન ઓળખો તો અંધકાર છે;**
**છે પુષ્પ મઘમઘ થતું ચાંદની પણ તેજ છે,**
**સેજ છે ફૂલો તણી તલવારની ધાર છે.'**

બાકી તો જે કોલેજોમાં આજનો યુવાન-યુવતીઓ **શિક્ષણો** લેવા જાય છે ત્યાં **ચારિત્ર્યની વાત** તો લગભગ આવતી જ નથી. પરંતુ ત્યાં કારકીર્દિ બનાવવાની વાત પણ લગભગ નથી. ત્યાં એક જ વાત છે ખોળિયું ભલે માણસનું મળ્યું છે પણ બને તેટલી **પશુતા** બહાર લાવતા રહો, ભટકતા રહો, હોટલોમાં પીતા રહો દારુ, ફૂંકતા રહો સિગારેટ, નાચતા રહો માદક સંગીતના તાલે અને કરતા રહો વ્યભિચાર. મસ્ત રહો એકબીજાની મશ્કરી કરતા રહેવામાં; શરમ નામના જળના એક બુંદનેય ન રહેવા દો આંખમાં, કારણ કે અહિં તમને રોકનાર કે ટોકનાર કોઈ છે નહિ. ભણવાનું તો ખાલી **નામ** છે, બાકી રખડતા રહેવા સિવાય અહિં તમારે બીજું કાંઈ જ કરવાનું નથી.

કહેવા દો મને કે, કોલેજની હવામાં **સ્વચ્છંદતા** છે, વિલાસતા છે, માદક નશો છે. મનોબળ મજબુત ન હોય, સત્ત્વ પ્રચંડ ન હોય, કોઈપણ ભોગે ચારિત્ર્ય બચાવી લેવાની ધગશ ન હોય તો પાળ વિનાના વેગવાન પાણીને ટકી રહેવું જેમ **અશક્ય** જ છે તેમ પ્રલોભનોની આ **વણજાર** વચ્ચે યુવાનોએ કે યુવતીઓએ પોતાનું **ચારિત્ર્ય** ટકાવી રાખવું **અશક્ય** જ છે.

હું સમજું છું કે, આ બધા વાતાવરણને બદલાવવું એ કદાચ તમારા હાથમાં નથી, પરંતુ આ વાતાવરણમાંથી છૂટી **બચી જવું** એ **શક્ય** જ છે.

એક અપેક્ષાએ વન કરતાંય **યૌવન** વધુ ભયંકર છે. વનની ભૂલ-ભૂલામણીમાં માણસ રસ્તો ભૂલી જાય છે તો એને સંતો રસ્તો ચીંધનાર કોઈ મળી જાય એવી **અપેક્ષા** પણ હોય છે. અને રસ્તો ચીંધનાર કોઈ મળી જાય તો એને એ ગમી પણ જાય છે. જ્યારે યૌવન એક એવું વન છે કે, એમાં પ્રવેશનારને **'હું ભૂલો પડી ગયો છું'** એવું ભૂલા પડી ગયા પછીય લાગતું નથી અને ભૂલે-ચૂકે એને કોઈ માર્ગ ચીંધનાર મળી પણ જાય છે તોપણ એના પ્રત્યે એને **સદ્‌ભાવ** જાગતો નથી.

તેમ છતાં અતિ આનંદની વાત છે કે, આજના મોટા ભાગના યુવાનોને **સાચો માર્ગ બતાવનારા** મહાપુરુષો પ્રત્યે **સદ્‌ભાવ** છે. જેથી કરી હજું **સંસ્કારો** બચી શકશે. હજુ **યુવાધન** બરબાદ બનતું અટકી જશે.

ઝાકળના ટીપાંએ પોતાનું **અસ્તિત્વ** ટકાવી રાખવું હોય તો સૂર્યના તડકા સાથે **દોસ્તી** કરી લેવાની પોતાની **ઝંખના** ઉપર **પૂર્ણવિરામ** મૂકી જ દેવું જોઈએ. દુનિયાના વિલાસ પ્રચૂર વાતાવરણમાં તમે જો તમારા શીલ-સદાચાર-સંસ્કારોનો વારસો જાળવી રાખવા માંગો જ છો તો ખરાબ સંગ, ખોટા વ્યસન, તમારી ખાનદાનીને લજવે તેવી ફેશનથી પોતાની જાતને દૂર જ રાખશો તો ફાવી જશો.

સાથે આજની યુવાની જો કોઈ મહાપુરુષો કે કોઈ સત્પુરુષોના નિયંત્રણમાં રહે, મા-બાપના છત્ર નીચે રહે અને પરમાત્મા સુધી પહોંચવું જ છે એવો દૃઢ સંકલ્પ રાખે તો જ આ દાવાનળથી બચી શકશે.

હે યુવાનો ! ઉપરોક્ત બતાવેલ **કુસંસ્કારોના એટમ્ બોમ્બથી** ચારિત્ર્યનો **વિસ્ફોટ** ન થવા દેવો હોય અને સંસ્કારોથી જીવન **હરિયાળું** બનાવવું હોય તો વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, શ્રીજીમહારાજના મહાન પ્રસાદિભૂત તીર્થધામ **સરધારને** આંગણે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**ના માર્ગદર્શન પ્રમાણે દર વર્ષે ઉનાળું વેકેશનમાં **'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'**નું વિશાળ ફલક પર આયોજન કરવામાં આવે છે તેમાં અવશ્ય પધારો...!!! તેમજ દર વર્ષે દિપાવલીના શુભ અવસરે ધનતેરશ થી આઠમ સુધી **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અધ્યક્ષપદે **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'**નું પણ આયોજન કરવામાં આવે છે તેનો અચૂક-અવશ્ય લાભ લઈને જીવનને દિવ્ય બનાવીએ. જે આ દિવ્યલાભથી તમે સાંસારિક બંધનોથી જરૂર મુક્ત બની જશો, એટલું જ નહિ, પણ આધ્યાત્મિક માર્ગમાં અવશ્ય-ખૂબ ખૂબ ફાવી પણ જશો એ ચોક્કસ છે.

**'જીનકે હાથોમેં સૂરજ હૈ, વે નહિ અંધેરો સે ડરતે ।**
**જો અમર સર્જન કરને વાલે, વે નહિ કભી મરકર મરતે ॥**
**જીનકી બાહોમેં તાકાત હૈ, જીનકે સીને મેં સાહસ હૈ ।**
**વે બીચ સમંદર કૂદ પડે, વે તૂટા નાવ નહિ કરતે ॥**
**ઉનકા સ્વાગત તટ નહિ કરતા, જો તૂફાનોસે ડરતા હૈ ।**
**મિત્રો સ્વાગત હો ઉનકા, જો તૂફાનો સે લડતે હૈ ॥'**

જય શ્રી સ્વામિનારાયણ...




# સત્સંગ સમાચાર પત્રિકા

- સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી











## પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ 'ગઢડા થી જૂનાગઢની ભવ્ય પદયાત્રા' (તા. ૧૬ થી ૨૦-૩-૨૦૧૧)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત સિદ્ધાંતના થયેલા વિજયને સમર્થન માટે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદથી **'ગઢડા થી જૂનાગઢની ભવ્ય પદયાત્રા'**નું ભવ્ય આયોજન તા. ૧૬ થી ૨૦ સુધી કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં સંતો-હરિભક્તો સહિત ૧૦૦૮ યાત્રિકોએ દિવ્ય લાભને પોતાના જીવનને ધન્યભાગી બનાવ્યા હતા. પદયાત્રા દરમ્યાન વચ્ચે વચ્ચે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વડિલ સંતો પધારી યાત્રિક ભક્તોને કથા-વાર્તાનો લાભ આપ્યો. આ પદયાત્રાને સફળ બનાવવા માટે પૂ. કોઠારી સ્વામી - ગઢડા તાથા પૂ. અદ્‌ભુત સ્વામી વગેરે ખૂબ મહેનત કરી દાખડો કર્યો હતો.



ડોંબીવલી (મુંબઈ)) શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયો ફૂલદોલોત્સવ (તા. ૧૯-૩-૨૦૧૧)
તેમજ તા. ૧૨-૪-૨૦૧૧ના રોજ મંદિરમાં બિરાજમાન બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૩૦મો પ્રાગટ્યોત્સવ ઉજવવામાં આવ્યો હતો.



સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી શ્રી સ્વામિનારાયણ મહોત્સવના ઉપક્રમે યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા.૨૮-૩-૨૦૧૧)



ઉમરેઠને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોનો વાર્ષિક પાટોત્સવ (તા.૨૯-૩-૨૦૧૧)



પુના શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા.૨-૪-૨૦૧૧)



નારીયેલી મોલી (જૂનાગઢ પ્રદેશ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા. ૫-૪-૨૦૧૧)



હૈજરાબાદ ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયો હરિમંદિરમાં વિરાજમાન દેવોનો વાર્ષિક પાટોત્સવ (તા. ૮-૪-૨૦૧૧)



ત્રાલસા (ભરુચ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા. ૧૦-૪-૨૦૧૧)

# પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રીનું સત્સંગ વિચરણ

જૂનાગઢને આંગણે યોજાયેલ પંચદિનાત્મક 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન પ્રારંભ મહોત્સવ'માં **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી** તથા બંને પ.પૂ. અ.સૌ. વહુજી મહારાજશ્રી તથા પૂ. બહેનશ્રી તથા પૂ. લાલીરાજાશ્રી વગેરે પધારી પાંચ દિવસ સુધી રોકાઈને સ્ત્રીભક્તોને ધર્મનિયમઅને સત્સંગની દૃઢતા થાય તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ **પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી ભુપગઢ, બોટાદ, ગઢડા, નાના સમઢીયાળા, નાવડા** વગેરે ગામોમાં યોજાયેલ કથા-પારાયણ પ્રસંગે પધરામણી કરીને સ્ત્રીભક્તોને ગુરુમંત્ર પ્રદાન કરીને કથા-વાર્તા દ્વારા ધર્મનિયમઅને સત્સંગ સુદૃઢ થાય તેવા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.










પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - હામાપુરનો ભવ્ય

**મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ** અંતર્ગત **શ્રીમદ્ સત્સંગિજીવન કથા**

**વક્તા**

પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી નિર્દોષચરણદાસજી

**તારીખ : ૨૯ થી ૫-૫-૨૦૧૧**

**મહોત્સવ સ્થળ :- 'બસ સ્ટેશનની બાજુમાં'**

મુ. હામાપુર, તા. બગસરા, જી. અમરેલી



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - રળિયાણાનો ભવ્ય

**મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ**

**શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ**

**વક્તા :-** પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા

**તારીખ : ૪ થી ૮-૫-૨૦૧૧**

**મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મંદિર'**

મુ. રળિયાણા, તા. ગઢડા, જી. ભાવનગર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં

**શ્રી જનમંગલ મહોત્સવ**

**:: તારીખ ::**

**૨૭-૪-૨૦૧૧**

બુધવાર

**સમય :** સાંજે ૪.૦૦ થી ૭.૦૦

**-: મહોત્સવ સ્થળ :- 'પાટીદાર પંચની વાડી'**

શ્રી હનુમાનજીના મંદિર પાસે, ઝાડેશ્વર, ભરુચ.

સંપર્ક : પૂ. ઘનશ્યામસ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ મોરલીધર પટેલ - મો. ૯૪૨૮૫૮૮૫૬૪

દિનેશ તમ્બાકુવાલા પટેલ - મો. ૯૪૨૬૧૧૨૦૦૮ જગદિશભાઈ પટેલ - મો. ૯૪૨૯૪૨૭૧૦૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## પવિત્ર શ્રાવણ માસમાં સંતો-ભક્તો સાથે તીર્થયાત્રાનો અનેરો લ્હાવો...

**શ્રી સ્વા. મંદિર સરધાર દ્વારા આયોજીત ચારધામની આઠમી**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી **દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'**ના ઉપક્રમે



# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**તારીખ :-** ૨૧-૭-૧૧ અષાઢ વદ - ૬ થી ૧૭-૮-૧૧ શ્રાવણ સુદ - ૪ **કુલ દિવસ :-** ૨૮ **ટીકીટ દર :-** રૂા. ૨૨,૫૦૦

## :: દર્શનીય પવિત્ર તીર્થસ્થળો ::

નાસિક, ત્ર્યંબકેશ્વકર જ્યોતિર્લિંગ, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, સાક્ષીગોપાલ, ભુવનેશ્વર, ધોલાગીરી, કાશી/વારાણસી, પ્રયાગરાજ/અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, ઋષિકેશ, લક્ષ્મણઝુલા, કેદારનાથ, બદ્રિનાથ, મથુરા, ગોકુળ, રમણરેતી, વૃંદાવન, દ્વારિકા.

**ટીકીટ દર :-** ❖ યાત્રાપ્રવાસ-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના **રૂા. ૨૨, ૫૦૦/-** રાખવામાં આવેલ છે. ❖ બુકિંગ સમયે **રૂા. ૫,૫૦૦/-** ભરવાના રહેશે તેમજ બાકીની રકમ ટીકીટ દીઠ **રૂા. ૧૭,૦૦૦/-** યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે. **ખાસનોંધ : પાંચ વર્ષ કે તેથી ઉપરના બાળકોની સ્પેશ્યલ ટ્રેનમાં રેલ્વે બોર્ડ દ્વારા અડધી ટીકીટ અપાતી નથી, માટે તેની પણ આખી ટીકીટ જ લેવાની રહેશે.**

**યાત્રા વ્યવસ્થા :-** યાત્રાપ્રવાસ રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર કલાસમાં દરેક યાત્રિકને સ્વતંત્ર સુવાની સગવડતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રાપ્રવાસ દરમ્યાન ટ્રેનમાં યા તીર્થસ્થળોએ તીર્થમાહાત્મ્ય શ્રવણ તેમજ કથા-વાર્તાનો લાભ સંતોની અમૃતવાણી દ્વારા સંપૂર્ણ યાત્રાપ્રવાસમાં મળતો રહેશે.

**ભોજન વ્યવસ્થા :-** કિચનકારથી સજ્જ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે શુદ્ધ અને ગાળી-ચાળીને પવિત્રપણે સંતો-ભક્તોના હાથે બનાવેલ અને ઠાકોરજીને થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્ત્વિક ભોજન તથા સવારે નાસ્તો પીરસવામાં આવશે.

**ખાસનોંધ :** યાત્રાપ્રવાસમાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

બુકિંગ માટે સંપર્ક :- **શ્રી સ્વા.મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** મો. ૯૮૨૫૧૩૪૧૦૮. **શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી.** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, મો. ૯૩૨૨૭૫૩૦૫૨. **શ્રી સ્વા. મંદિર - મલાડ.** ફો.નં. ૦૨૨ - ૨૮૯૦૨૭૧૭. **શ્રી સ્વા.મંદિર - ખારગેટ - મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા-ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા-ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **અમરશીભાઈ ખાદી - ભાવનગર.** મો. ૯૪૬૩૧૪૩૬૮.



**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ.

**Visit us :** www.sardharkatha.com www.sardhardham.org
**E-mail :** sardharmandir@gmail.com



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - જેજાદનો ભવ્ય

# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા
## તથા શ્રીહરિ યાગ

-: વક્તા :-

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી

**તારીખ : ૧૮ થી ૨૨ ૫-૨૦૧૧**

**કથા સમય** :- સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦



**આયોજક**

ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - જેજાદ (ગઢડા પ્રદેશ)



**મહોત્સવ સ્થળ**

**'શ્રી સ્વામિનારાયણ ધામ'**

**મુ. જેજાદ, તા. સાવરકુંડલા, જી. અમરેલી**

**સંપર્ક : ઘનશ્યામભાઈ** - મો. ૯૮૭૯૭૮૪૫૩૧

---

**પધારો વિજપડી** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **ચાલો વિજપડી**

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - વિજપડીનો ભવ્ય



# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા
## તથા શ્રીહરિ યાગ





-: વક્તા :-

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
તથા
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી

**તારીખ : ૧૮ થી ૨૨ ૫-૨૦૧૧**

**કથા સમય** :- સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦

**આયોજક** :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - વિજપડી (ગઢડા પ્રદેશ)

**મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ'**

**મુ. વિજપડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી**

**સંપર્ક : લાખાભાઈ** - મો. ૯૯૦૯૪૭૧૧૬૧ **દેવશીભાઈ** - મો. ૯૯૦૯૨૭૫૮૩૧

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::



**:: સરધાર ::**
તા. ૧-૫-૧૧
**સમય** :- સવારે ૮ થી ૧





**:: રાજકોટ ::**
તા. ૨૩-૪-૧૧
**સમય** :- રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર,**

ફો.નં. ૦૨૮૧ – ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩

શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ – મો. ૯૪૨૬૨૨૯૫૫૮,

શ્રી કરશનભાઈ રાજકોટ – મો. ૯૪૨૬૭૮૧૧૭૯

---

## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

**Form - 8**

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર |
| ૨. પ્રકાશન સમય | : | માસિક - દર મહિનાની ૨૦મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીજી આર્ટ |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | આશ્રમરોડ, પાલડી - અમદાવાદ |
| ૪. તંત્રીનું નામ | : | સાધુ પતિતપાવનદાસજી |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |
| ૫. માલિક | : | કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |

હું. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી** : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
પધારો ખાંભા
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - ખાંભા(ગીર)નો ભવ્ય
પધારો ખાંભા
-: વક્તા :-
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા
પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી
કથા સમય :
સવારે ૮-૩૦ થી ૧૧-૩૦
બપોરે ૩-૩૦ થી ૬-૩૦
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ
અંતર્ગત
મહોત્સવ સ્થળ :-
'શ્રી સ્વામિનારાયણ ધામ'
મુ. ખાંભા (ગીર),
તા. વિસાવદર, જી. જૂનાગઢ
શ્રીમદ્ સત્સંગિજીવન કથા તથા શ્રીહરિયાગ
તા.: ૨૯ થી ૫-૦૫-૨૦૧૧
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
નોંધ :- આ મહોત્સવનું લાઈવ પ્રસારણ 'CCG' નેટવર્ક ઉપર કરવામાં આવશે.
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - ખાંભા (ગીર)
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
સંપર્ક : હકાભાઈ રામાણી - મો. ૯૭૭૯૧૨૦૯૪૮ રાકેશભાઈ પાંભર - મો. ૯૮૨૫૪૮૮૬૩૭


પધારો રાણપુર
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - રાણપુર(સોરઠ)નો ભવ્ય
પધારો રાણપુર
: વક્તા :
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા
પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ
અંતર્ગત
: મહોત્સવ સ્થળ :
'સાર્વજનિક મેદાન' મંદિરની બાજુમાં,
મુ. રાણપુર (સોરઠ) તા. ભેંસાણ, જી. જૂનાગઢ
શ્રીમદ્ સત્સંગિજીવન કથા તથા શ્રીહરિયાગ
આયોજક :
ધર્મકુળ આશ્રિત
શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ
રાણપુર (જૂનાગઢ પ્રદેશ)
તા.: ૨૯ થી ૫-૦૫-૨૦૧૧
કથા સમય : સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૩૦ થી ૬-૩૦
સંપર્ક : રૈયાભાઈ કોઠારી - મો. ૯૫૩૭૧૯૪૯૫૦, હિતેશભાઈ - મો. ૯૭૧૪૦૫૦૨૮૫, મનુભાઈ - મો. ૯૯૦૯૪૬૦૯૫૬


પધારો એકલેરા...
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
ચાલો એકલેરા...
વડતાલપીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - એકલેરાનો ભવ્ય
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ શ્રીમદ્ સત્સંગિજીવન કથા
વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી
તારીખ : ૪-૫-૨૦૧૧ થી ૧૦-૫-૨૦૧૧
:: કથા સમય ::
સવારે ૮-૩૦ થી ૧૧-૩૦
બપોરે ૩-૩૦ થી ૬-૩૦
મહોત્સવ સ્થળ
'શ્રી સ્વામિનારાયણ મંદિર' મુ. એકલેરા,
તા. લીલીયા, જી. અમરેલી
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
આયોજક ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ - એકલેરા (ગઢપુર પ્રદેશ)
સંપર્ક : નનુમામા - મો. ૯૦૯૯૨૯૨૯૨૫, મુકેશભાઈ હિરપરા - મો. ૯૯૦૪૦૬૨૦૧૫


પધારો રાયડી
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
ચાલો રાયડી
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - રાયડીનો ભવ્ય
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ શ્રીમદ્ સત્સંગિજીવન કથા
વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી નિર્દોષચરણદાસજી
તારીખ : ૫ થી ૧૧ ૫-૨૦૧૧
કથા સમય :- સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦
આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર
સત્સંગ સમાજ - રાયડી (જૂનાગઢ પ્રદેશ)
ભગવાન શ્રી સ્વામિનારાયણ
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી
પ.પૂ. લાલજી મહારાજશ્રી
મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ' મુ. રાયડી, તા. ખાંભા, જી. અમરેલી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## સરધાર પધારો...'' 

## બાળયુવા ધન બચાવો...



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
અધ્યક્ષપદે સરધારને આંગણે અતિ ભવ્ય **સાતમો**

# શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ

**પ્રયોજક :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## તારીખ :- ૨૬-૪-૨૦૧૧ થી ૨૮-૪-૨૦૧૧ સુધી

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અધ્યક્ષપદે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **સરધારધામ**ને આંગણે વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'**ના ઉપક્રમે ભવ્યાતિભવ્ય સાતમા **'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'**નું **તા. ૨૬-૪-૨૦૧૧ ચૈત્ર વદ - ૯ થી તા. ૨૮-૪-૨૦૧ ચૈત્ર વદ - ૧૧** સુધી આયોજન કરવામાં આવ્યું છે. તો સર્વે વડિલ હરિભક્તોને અમારો ખાસ અનુરોધ છે કે, આપના બાળકો અને યુવાન સંતાનોને જીવનનું સાચુ ઘડતર કરવા માટે આ મહોત્સવમાં જરૂરને જરૂર મોકલજ્યો.

### :: મહોત્સવ મુખ્ય યજમાનશ્રી ::

પ.ભ.શ્રી બાબુભાઈ તથા ચંદુભાઈ પરસોતમભાઈ પટેલ (ખાંધલી)
હ. સુપુત્રો રાજેશભાઈ, પરેશભાઈ, ચંદ્રેશભાઈ, રામભાઈ તથા પૌત્ર શ્રેયકુમાર, નીલકુમાર- યુ.એસ.એ

### :: બાળ-યુવા મહોત્સવનો દૈનિક કાર્યક્રમ ::

તા. ૨૬ થી ૨૮ સુધી બાળ-યુવા મહોત્સવમાં **પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી** તથા **પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી** આદિક વિદ્વાન પૂ. સંતો દ્વારા બાળકો તેમજ યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળે, જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય અને આ મનુષ્ય દેહ વડે કંઈક કરી છુટવાની તમન્ના જાગૃત થાય તેવા પ્રવચનોનો અમૂલ્ય લાભ આપવામાં આવશે. તેમજ દરરોજ રાત્રિના કીર્તન-ભક્તિ, રાસોત્સવ, વ્યાખ્યાનમાળા, વિધવિધ વિષયો ઉપર પ્રવચનો તેમજ કીર્તનગાન સ્પર્ધા વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવશે.

**પુરસ્કાર ભેટ :-** તા. ૨૮-૪-૧૧ના રોજ જે બાળકો-યુવાનો ૭૫ ટકા ઉપર વિદ્યા અભ્યાસમાં ટકા લાવ્યા હશે તેમજ મહોત્સવ દરમ્યાન કોઈપણ હરિફાઈમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ લાવશે તેમને પુરસ્કાર આપવામાં આવશે. (ધો-૧૦,૧૨ના વિદ્યાર્થીઓએ પોતાના આગળ વર્ષની રીઝલ્ટ કોપી લાવવી. તેમજ કોલેજનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જે એ-ગ્રેટ (ફસ્ટક્લાસ) હશે તેમને પણ પુરસ્કાર આપવામાં આવશે.

**તા.ક :-** મહોત્સવમાં ભાગ લેનાર દરેક બાળ-યુવાનોએ ફરજીયાત બે જોડી સફેદ ડ્રેસ લઈને સાથે આવવાનું રહેશે. અને મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન ડ્રેસ પહેરીને જ ભાગ લઈ શકશે.



**મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મંદિર' સરધાર**
**તા.જી. રાજકોટ.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩.



ભગવાન શ્રીહરિ ગાદીસ્થાન જેતપુર શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' અંતર્ગત યોજાયેલ પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૬ થી ૧-૪-૨૦૧૧)



નાવડા (જૂનાગઢ પ્રદેશ) ગામને આંગણે મંદિરના પંચ દશાબ્દિ મહોત્સવ પ્રસંગે પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'માં પધારતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવાર. (તા. ૪ થી ૧૦-૪-૨૦૧૧)



નાના સમઢીયાળા (જૂનાગઢ પ્રદેશ) ગામને આંગણે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવારના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ દોંગાના યજમાનપદે પૂ. શા. સ્વા. છપૈયાપ્રકાશદાસજીના વક્તાપદે યોજાયેલ 'કથા પારાયણ' (તા. ૪ થી ૧૧-૪-૨૦૧૧)











## જૂનાગઢને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવારના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયો 'શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૫૧મો વાર્ષિક પાટોત્સવ' તથા 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન પ્રારંભ મહોત્સવ' (તા. ૨૦ થી ૨૪-૩-૨૦૧૧)

પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા મહોત્સવમાં યજમાનપદ સ્વીકારી અમૂલ્ય લાભ લેનાર ભક્તોનું મૂર્તિ-ચાદર અને હાર પહેરાવીને સન્માન કરવા આવ્યું હતું. : ૧. જૂનાગઢ મહોત્સવના મુખ્ય યજમાન શ્રી ભુપતભાઈ પાંચાણી (સરાકડીયા)ના સુપુત્ર પરેશભાઈ ૨. શ્રીહરિકૃષ્ણ મહારાજના પાટોત્સવના યજમાન શ્રી જશુભાઈ કરમશીભાઈ પટેલ (સુંદરીયાણા) તથા તેમનો પરિવાર. ૩. શ્રી રણછોડ-ત્રિકમરાયના અભિષેકના યજમાન શ્રી શાંતિભાઈ વેળાવદર. ૪. મહોત્સવના સહયજમાન શ્રી ભુપતભાઈ પીપરડી (ગઢપુર મંદિરના ટ્રસ્ટી) ૫. શ્રી સિદ્ધેશ્વર મહાદેવના અભિષેકના યજમાન શ્રી ભાવેશભાઈ વેળાવળ. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ચેરમેનશ્રી, પૂજારીશ્રી તથા મહંત સ્વામીને શ્રી રાધારમણ દેવને સુવર્ણ મુગટ અર્પણ. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ યજમાનશ્રી દ્વારા પૂ. મહંત સ્વામીને શ્રીહરિકૃષ્ણ મહારાજનો ચાંદીનો મુગટ અર્પણ. ૮-૯. મહોત્સવને માણવા પધારેલ દેશ-વિદેશના અસંખ્ય ભક્તજનો.












જૂનાગઢને આંગણે ધામધૂમ અને દબદબાપૂર્વક સોરઠવાસી ભક્તોએ ઉજવ્યો

**પ.પૂ. લાલજી મહારાજશ્રીનો '૩૮મો જન્મોત્સવ' (તા.૨૪-૩-૨૦૧૧)**

Shree Swaminarayan Chintan, April - 2011 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.

## પધારો યોગી ચોક સુરત... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો યોગી ચોક સુરત...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગરના ૧૦મા વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં સુરતને આંગણે અતિ ભવ્ય

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ


સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

**વક્તા**

## પૂ. સદ્ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## તારીખ : ૧૦ થી ૧૭-૫-૨૦૧૧ સુધી

**મહોત્સવ પ્રસારણ**

અધ્યક્ષશ્રી


પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ઉપાધ્યક્ષશ્રી


પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**સંસ્કાર** ચેનલ ઉપર મહોત્સવનું ડી-લાઈવ પ્રસારણ

| દેશ | તારીખ | સમય |
| --- | --- | --- |
| ભારત | તા. ૧૨ થી ૧૯-૫-૨૦૧૧ | સવારે ૧૦.૩૦ થી ૨.૩૦ |
| USA | તા. ૧૨ થી ૧૯-૫-૨૦૧૧ | સવારે ૧૦.૩૦ થી ૨.૩૦ (આસ્થા ચેનલ પર) |
| UK | તા. ૧૨ થી ૧૯-૫-૨૦૧૧ | બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (આસ્થા ચેનલ પર) |

**: કથા સમય :**

બપોરે ૩.૩૦ થી ૬.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

**મહોત્સવનું લાઈવ પ્રસારણ**

હિન્દ GTPL રીયલ સમયમીડિયા કેરીપેકર ચેનલ ઉપર કરવામાં આવશે.
(ભરુચ થી પાલઘર સુધી) (ભાવનગર તથા અમરેલી જિલ્લો)

## મહોત્સવ સ્થળ :- યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત.

Online :- www.swaminarayanvadtalgadi.org www.sardharkatha.org www.gopinathji.com

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji